RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805
Tax Today (Monthly)

Website
flamingoclubresort.com
Contact
+91 98244 21700
+91 95589 87734
+91 99241 21700
Flamingo
Club & Resort
Starting Soon
Diu Road, Una.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૫, ◆ અંકઃ ૧૧, ◆ સળંગ અંકઃ ૫૯, ◆ તા.૧૮/૦૯/૨૦૨૧, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ઈન્કમ ટેક્સ હેઠળ આવી ગયા છે નવા દરો??? મારા માટે નવા દરો છે સારા કે જૂના દરો જ રહેશે ફાયદાકારક??? કરદાતા માટે છે મોટી મુંજવાણ!!!

## યાદ રહે ઈન્કમ ટેક્સ રિટર્ન ડ્યુ ડેઈટ સુધીમાં ભરવામાં આવે તો જ મળે છે નવા દરો પસંદ કરવાનો વિકલ્પ

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ઈન્કમ ટેક્સ હેઠળ સામાન્ય દરો ઉપરાંત ખાસ નવા દરો લાગુ કરવામાં આવ્યા છે. નાણાંમંત્રીએ પોતાના બજેટ ભાષણમાં જણાવ્યુ હતું કે હાલ ઈન્કમ ટેક્સ હેઠળ ચાલી રહેલી તકરારોમાં ખૂબ મોટા પ્રમાણમા તકરારો એવી છે જે વિવિધ કરમુક્તિ, કર કપાતો ને લગતા હોય છે. હવે આ પ્રકારના વિવાદો દૂર કરવા ઈન્કમ ટેક્સ હેઠળ આ પ્રકારની કરમુક્તિ, કર કપાતો દૂર કરવામાં આવે તે નાણામંત્રીના મતે જરૂરી છે. આ દિશા તરફ મહત્વનું પગલું ઉઠાવતા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નવી જોગવાઈ ૧૧૫ BAC ઉમેરવામાં આવી છે. આ કલમ હેઠળ ઈન્કમ ટેક્સ હેઠળ રાહતકારક દર લાગુ કરવામાં આવ્યા છે. આ નવા દરો પસંદ કરવા અંગે કરદાતાને વિકલ્પ આપવામાં આવ્યા છે. આ વિકલ્પના કારણે કરદાતાઓ પોતે જૂના દરો પ્રમાણે ઈન્કમ ટેક્સ ભરવો કે નવા દરોનો વિકલ્પ પસંદ કરવો તે અંગે દ્વિધા અનુભવિ રહ્યા છે તેવા સમાચારો મળી રહ્યા છે. કોઈ કરદાતાએ જૂના દર મુજબ જ ટેક્સ ભરવો કે આ નવા દરોનો વિકલ્પ પસંદ કરવો તે માટે નીચેના મુદ્દા ધ્યાને રાખવા જરૂરી છે.

- આ નવા દરો પસંદ કરવાનો વિકલ્પ માત્ર વ્યક્તિગત કરદાતા તથા હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) આપવામાં આવ્યો છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી આ નવા દરો લાગુ પડશે.
- આ નવા દરે ટેક્સ ભરવાનું સ્વીકારતા કરદાતાને હાઉસિંગ લોન વ્યાજ (સેલ્ફ ઓક્યુપાઇડ ઘર માટેનું વ્યાજ), મિલકત ઉપરનો વધારાનો ઘસારો, જીવન વીમા પ્રીમિયમ, પ્રોવિડંટ ફંડ, સ્કૂલ ફી, મેડીક્લેમ જેવી કોઈ કપાત કે કરમુક્તિ બાદ મળશે નહીં.
- પાછલા વર્ષ કે ચાલુ વર્ષના કોઈ સુચીત નુકસાન (કલમ-૧૦, ૧૦AA, કલમ-૨૪ વગેરે) પણ તેઓને બાદ મળશે નહીં.
- નોકરીદાતા હોય તેવા કરદાતાને કોઈ પણ જાતના સવલતો ઉપર કપાત મળી શકશે નહીં.
- ધંધાકીય આવક ધરાવતા કરદાતા દ્વારા આ નવા દર પસંદ કરવા તથા બહાર નીકળવા અંગે પોતાનો વિકલ્પ ફોર્મ-10IE રીટર્ન ભરવાની ડ્યુ ડેઈટ સુધીમાં આપવાનું રહેશે.
- ધંધાકીય આવક ધરાવતા કરદાતા એક વાર આ નવા દરે વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરે ત્યારે ત્યારબાદના તમામ વર્ષ માટે નવા દરનો વિકલ્પ ચાલુ રહેશે.
- ધંધાકીય આવક સિવાયના કરદાતા દર વર્ષે પોતે જૂના દરે વેરો ભરવા માંગે છે કે નવા દરે વેરો ભરવાં માંગે છે તે અંગે જે તે વર્ષના રિટર્ન ભરવાની છેલ્લી તારીખ સુધીમાં આ વિકલ્પ રિટર્ન ભરવાં સાથે પસંદ કરી શકશે.




- ધંધાકીય આવક ધરાવતા કરદાતા એક વાર નવા દરોનો વિકલ્પ પસંદ કરવામાં આવે ત્યારબાદ એક વાર બહાર નીકળવાનો વિકલ્પ મળશે પરંતુ એક વાર નવા દરોમાંથી બહાર નીકળ્યા બાદ ફરી પાછા નવા દરોનો વિકલ્પ પસંદ કરી શકશે નહીં.
- ધંધાકીય આવક ધરાવતા કરદાતા જ્યારે કોઈ નાણાકીય વર્ષમાં ધંધાકીય આવક ધરાવતા બંધ થાય તે વર્ષ માટે અન્ય આવક સંબંધિત નવા દરોનો વિકલ્પ ફરી તેઓ પસંદ કરી શકશે.

આ નવા દરો પસંદગી કરવા બાબતે ધ્યાને લેવા જેવી બાબત એ છે કે ધંધાકીય આવક સિવાયની આવક ધરાવતા કરદાતાઓ દર વર્ષે પોતે જૂના દરો હેઠળ ટેક્સ ભરવાં ઈચ્છે છે કે કે નવા દરો મુજબ ટેક્સ ભરવાં ઈચ્છે છે તે પસંદગી કરવાનો હક્ક તેઓને મળશે. આમ, પેન્શનની આવક સહિતની આવક ધરાવતા પગારદાર કરદાતા, માત્ર ભાડાની આવક ધરાવતા કરદાતા, વ્યાજની આવક ધરાવતા કરદાતા, મૂડી નફો ધરાવતા કરદાતા દર વર્ષે પોતે જૂના દર અથવા નવા દર વિષે પસંદગી કરી શકશે. પરંતુ ધંધાકીય આવક ધરાવતા કરદાતા એ નવા દરોનો વિકલ્પ જો એક વાર પસંદ કરે તો ત્યાર બાદ આ વિકલ્પ કાયમ રહેશે. એક વાર એ વિકલ્પ પસંદ કર્યા બાદ જો ધંધાકીય આવક ધરાવતા કરદાતા જૂના દરો ઉપર પાછા ફરવા ઈચ્છે તો ત્યાર બાદ ધંધાકીય આવક ધરાવતા હોય ત્યાં સુધી ફરી ક્યારેય નવા વેરાના દરોનો વિકલ્પ લઈ શકશે નહીં. અન્ય એક બાબત પણ જાણવી ખૂબ જરૂરી છે કે કોઈ પણ કરદાતા એ ધંધાકીય આવક ધરાવતો હોય કે એ સિવાયની આવક ધરાવતા હોય આ નવા દરોનો વિકલ્પ પસંદ કરવા ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૩૯(૧)માં નિયત તારીખ સુધીમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહે છે. પગારદાર આવક, ઘર ભાડાની આવક, મૂડી નફાની આવક, વ્યાજ સહિતની અન્ય આવક ધરાવતા કરદાતા તથા ઓડિટ કરાવવા જવાબદાર ના હોય તેવા ધંધાકીય આવક ધરાવતા કરદાતા માટે નવા દરો પસંદ કરવા ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાના રહે છે. ઓડિટ કરાવવા જવાબદાર કરદાતા માટે આ નવા દરો પસંદ કરવા ૧૫ ફેબ્રુઆરી સુધીમાં પોતાના રિટર્ન ભરવાના રહેશે.

ધંધાકીય આવક ધરાવતા કરદાતા તથા ધંધા સિવાયની આવક ધરાવતા કરદાતાઓ માટે આ વેરાના દર પસંદ કરવા બાબતે અલગ અલગ નિયમ કેમ??? આ પ્રકારના નિયમો ઘડવામાં ધંધાકીય આવક ધરાવતા કરદાતા સાથે અન્યાય નથી થયો??? આ પ્રકારના પ્રશ્નો અનેક વાર વેપારીઓ દ્વારા પુછવામાં આવતા હોય છે. મિત્રો, આ પ્રકારની પસંદગી માટેના નિયમોમાં ફેર હોવાનું કારણ એ જ છે કે પગારની આવક હોય, ઘર ભાડાની આવક હોય, મૂડી નફાની આવક હોય કે વ્યાજ જેવા અન્ય સ્ત્રોતની આવક હોય, આ તમામ આવક સામાન્ય રીતે કરદાતા ટેક્સ બચાવવા ફેરફાર કરી શકતો હોતો નથી. જ્યારે ધંધાકીય આવકમાં ટેક્સ બચાવવા માટે આવકમાં ફેરફાર કરવાની શક્યતા વધુ રહેતી હોય છે. સામાન્ય રીતે જો ધંધાકીય આવક ધરાવતા કરદાતાનું (વેપારી) જીવન વીમા, હાઉસિંગ લોન વ્યાજ તથા હપ્તા, PPF, મેડિક્લેમ જેવામાં રોકાણ ઓછું કે નહિવત હોય તેમના માટે નવા દરોનો વિકલ્પ ફાયદાકારક રહેતો હોય છે. જો કે પાંચ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા વ્યક્તિગત કરદાતા માટે સામાન્ય રીતે જૂના દરોનો વિકલ્પ જ ફાયદાકારક રહેતો હોય છે. આમ, ધંધાકીય આવક ધરાવતા કરદાતાએ નવા દરનો વિકલ્પ પસંદ કરવામાં ખૂબ સાવધાની રાખવી જરૂરી છે.

**ભવ્ય ડી. પોપટ**
**(ટેક્સ એડ્વોકેટ)**

# પેટ્રોલ પંપના વેપારીઓ ઉપર વેટ વિભાગ રાખશે ખાસ નજર... કસૂરદારો દૂર કરવા ખાસ ઝુંબેશ

## પેટ્રોલ-ડીઝલ ઉપર વેટની આવક રાજ્યની મોટી આવકનો હિસ્સો હોય, કસૂરદારો ઉપર થશે ત્વરિત કાર્યવાહી




તા. ૧૧.૦૯.૨૦૨૧: જી.એસ.ટી.ના અમલ સાથે દારૂ, પેટ્રોલ તથા ડીઝલ સિવાય તમામ ચીજ વસ્તુઓ ઉપર લાગતો વેટ દૂર કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં હવે માત્ર પેટ્રોલ તથા ડીઝલ ઉપર વેટ લાગુ પડે છે. પેટ્રોલ-ડીઝલ ઉપર વેટની આવક ગુજરાત સરકારની આવકમાં મોટો હિસ્સો હોય છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ગુજરાતના વેટ કમિશ્નર દ્વારા રાજ્ય ભરના પેટ્રોલ પંપના કસૂરદાર વેપારીઓ ઉપર ખાસ નજર રાખવા તથા તેના ઉપર કાર્યવાહી કરવા પોતાના અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે. રાજ્યભર પેટ્રોલ ડીઝલના વેપારીઓ પૈકી ઘણા મોટા પ્રમાણમા વેપારીઓ વેરો ભરવામાં તથા રિટર્ન ભરવામાં કસૂર કરી રહ્યા હોવાની માહિતી બહાર આવી રહી છે. આ બાબતે તમામ અધિકારીઓને કસૂરદારો ઉપર કડક પગલાં ભરવા રાજ્યના કમિશ્નર દ્વારા સૂચના આપવામાં આવી છે.

અત્રે એ જાણવું જરૂરી છે કે ગુજરાત વેટ કાયદા હેઠળ જે તે મહિનો પૂરો થાય ત્યાર પછીના મહિનાની ૧૨ તારીખ સુધીમાં વેટ ભરવો જરૂરી છે. આ ટેક્સ ભર્યા બાદ જે તે મહિનો પૂર્ણ થાય ત્યાર પછીના ૩૦ દિવસમાં વેટ રિટર્ન ભરવું જરૂરી રહેતું હોય છે. હવે જ્યારે વેપારીઓ આ ટેક્સ ભરવામાં કે રિટર્ન ભરવામાં કસૂર કરશે તો જે તે મહિનો પૂર્ણ થયાના ૫૦ દિવસમાં તેઓને અધિકારી દ્વારા નોટિસ પાઠવવામાં આવી શકે છે. આ નોટિસ બાદ પણ જો વેપારી પત્રક ના ભારે તો તેના ખરીદ વેચાણનો અંદાઝ કરી તેની ઉપર કામ ચલાવ આકારણી હાથ ધરવામાં આવશે તેવી પણ માહિતી મળી રહી છે. પેટ્રોલપંપના વેપારીઓ માટે આ સૂચના ''ખતરાની ઘંટી'' કહેવાય અને આવા કસૂરદાર વેપારીઓએ ચેતી જવું ખાસ જરૂરી છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ઈન્કમ ટેક્સ હેઠળ કરદાતા દ્વારા કરવાની થતી મહત્વની કાર્યવાહીની મુદતોમાં વધારો કરતી CBDT

તા. ૦૯.૦૯.૨૦૨૧:ઈન્કમ ટેક્સ હેઠળ ભરવાના થતાં રિટર્નની મુદતમાં ફરી એક વાર વધારો કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા આ અંગે એક પ્રેસ વિજ્ઞપ્તિ જાહેર કરવામાં આવી છે. પગારની આવક ધરાવતા કરદાતા તથા ધંધાકીય આવક ધરાવતા એવા કરદાતા કે જેમના ચોપડા ઓડિટ કરવાના થતાં નથી અથવા એવા કરદાતા કે જેમની આવક ધંધાકીય આવક સિવાયની હોય તેઓએ સામાન્ય રીતે પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ૩૧ જુલાઇ સૌથીમાં ભરવાના થતાં હોય છે. આ રિટર્ન માટેની મુદતમાં અગાઉ વધારો કરી ૩૦ સપ્ટેમ્બર કરવામાં આવી હતી. હવે આ મુદતમાં વધારો કરી આ રિટર્ન માટેની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ કરી આપવામાં આવી છે. આ ઉપરાંત ધંધાકીય કરદાતા કે જેઓના ચોપડા ઓડિટ કરાવવા પાત્ર હોય તેઓ સામાન્ય રીતે પોતાનું ઓડિટ ૩૦ સપ્ટેમ્બર સુધી કરાવવાનું રહેતું હોય છે. આ મુદતમાં અગાઉ ૩૧ ઓક્ટોબર સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. હવે આ મુદતમાં ફરી વધારો કરી ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ સુધીની મુદત કરી આપવામાં આવી છે. આ કરદાતા કે જેઓના ચોપડા ઓડિટ કરવામાં આવ્યા હોય તેઓના માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદત સામાન્ય રીતે ૩૧ ઓક્ટોબર રહેતી હોય છે. આ મુદતમાં અગાઉ ૩૦ નવેમ્બર સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. હવે આ મુદતમાં ૧૫ ફેબ્રુઆરીએ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ હેઠળ રિટર્ન દાખલ કરવામાં આવ્યું હોય અને કોઈ સુધારા બાબતે રિવાઈઝડ રિટર્ન ભરવાની મુદત સામાન્ય રીતે ૩૧ ડિસેમ્બર રહેતી હોય છે. આ મુદત માં અગાઉ ૩૧ જાન્યુઆરી સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. હવે આ મુદતમાં વધારો કરી ૩૧ માર્ચ ૨૦૨૨ કરી આપવામાં આવી છે. આમ, કરદાતા હવે પોતાનું રિટર્ન ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી રીવાઇઝ કરી શકશે. જે




કરદાતાઓને પોતાના રિટર્ન સાથે ભરવા પાત્ર સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ ૧ લાખથી વધુ હોય તો વ્યાજ લાગુ પડશે તેવો ખુલાસો પણ CBDTની પ્રેસ રીલીઝમાં કરવામાં આવ્યો છે. સરળતા માટે મુદત અંગેનો ચાર્ટ નીચે આપવામાં આવેલ છે.

કરદાતાનો પ્રકાર ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની નવી મુદત
પગારદર વર્ગ, વ્યાજ સહિતની અન્ય આવક ધરાવતા કરદાતા ૩૧ ડિસેમ્બર ૨૦૨૧
ઓડિટ કરાવવા જવાબદાર ના હોય તેવા કરદાતા ૩૧ ડિસેમ્બર ૨૦૨૧
ઓડિટ કરાવવા જવાબદાર હોય તેવા કરદાતા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૨
રિવાઈઝ રિટર્ન ભરવાની મુદત ૩૧ માર્ચ ૨૦૨૨

ઓડિટ કરાવવા જવાબદાર ધંધાકીય/ટ્રસ્ટ કરદાતા માટે ઓડિટ અપલોડ કરાવવાની મુદત ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ રહેશે.

નવા ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર રિટર્ન ભરવામાં, રિટર્ન વેરીફાય કરવામાં, નોટિસનો જવાબ આપવા જેવા કામો કરવામાં કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સને તકલીફો પડી રહી હોવાના સમાચાર સતત મળી રહ્યા છે. ઈન્ફોસિસ અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ સતત આ મુશ્કેલી દૂર કરવા પ્રયત્નશીલ છે તેવી જાહેરાત પણ CBDT દ્વારા કરવામાં આવી રહી છે. ઈન્કમ ટેક્સ પોર્ટલ જલ્દીથી ખામી રહિત બનાવવામાં આવે તેવી આશા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ સેવી રહ્યા છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ઈન્કમ ટેક્સ પોર્ટલની થઈ રહ્યું છે દુરસ્ત, ભરાઈ રહ્યા છે રિટર્ન થઈ રહી છે અન્ય કામગીરીઃ CBDT

## કરદાતાઓની સરળતા વધે તે માટે ઈન્ફોસિસ સાથે કામ કરી રહ્યું છે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ

તા. ૦૯.૦૯.૨૦૨૧:ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા ૦૮ સપ્ટેમ્બરના રોજ એક પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડી જાહેર કર્યુ છે કે હવે ધીમે ધીમે ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ઘણીખરી ટેકનિકલ ખામીઓ દૂર કરી આપવામાં આવી છે અને પોર્ટલ ઉપરની કામગીરી યોગ્ય રીતે ચાલી રહી છે. આ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર માહિનામાં રોજના ૩.૨૦ લાખ જેટલા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરાઈ રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧.૧૯ કરોડ ઈન્કમ ટેક્સ રિટર્ન અત્યાર સુધીમાં નવા પોર્ટલ ઉપર ભરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ રિટર્ન પૈકી ૯૮ લાખથી વધુ ઈન્કમ ટેક્સ રિટર્નનું ઇ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું છે. આ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે કે આ રિટર્ન પૈકી ૭ લાખથી વધુ રિટર્ન અત્યાર સુધીમાં ડિપાર્ટમેંટ દ્વારા પ્રોસેસ પણ કરી નાંખવામાં આવ્યા છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપરાંત





૧૦ લાખથી વધુ અન્ય ફોર્મ્સ પણ ભરવામાં આવ્યા છે જેમાં ટ્રસ્ટ નોંધણી માટેના ફોર્મની સંખ્યા ૧ લાખથી વધુ છે. આ ઉપરાંત આધાર પાન લિન્ક કરવાની કામગીરી તથા PAN એલોટમેંટ પણ પોર્ટલ ઉપર સરળતાથી થઈ રહી છે અને રોજના અંદાજે ૫૦ હજાર લોકો આ કામગીરીનો લાભ લઈ રહ્યા છે તેવું પણ આ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે. ઈન્કમ ટેક્સ પોર્ટલની કામગીરીમાં ધીરે ધીરે સુધાર થઈ રહ્યો છે તેવું નિષ્ણાંતો ચોક્કસ માને છે પરંતુ આ પ્રકારે ''હાર્ડકોર ડેટા એનાલિસિસ''માં કરદાતાઓ ઈન્કમ ટેક્સ રિટર્ન સહિત અન્ય ફોર્મ ભરવામાં કરવામાં આવેલ નિષ્ફળ પ્રયાસોનો (Failed Logs) સમાવેશ થવો જોઈએ આવે તેવું પણ નિષ્ણાંતો માની રહ્યા છે. ઈન્કમ ટેક્સ રિટર્ન હોય કે ટ્રસ્ટ માટેની અરજીના ફોર્મ 10A, ઇ વેરીફીકેશન હોય કે રિફંડ ફરી ઇસસ્યું કરવાની વિધિ હોય, તમામ વિધિમાં ટેકનિકલ ક્ષતિઓ હોવાથી ટેક્સ પ્રોફેશનલ્સને અનેક તકલીફો પડી રહી છે અને તેમનો ઘણો સમય બગડી રહ્યો છે. પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યુ છે તેમ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ ઈન્ફોસિસ સાથે રહી આ તકલીફો દૂર કરવા પ્રયત્નશીલ છે. જેવી રીતે ઈન્ફોસિસ તથા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ સાથે મળી ઈન્કમ ટેક્સ પોર્ટલની તકલીફો દૂર કરવા મથી રહ્યા છે તેવી જ રીતે કરદાતા તથા ટેક્સ પ્રોફેશનલ્સએ પણ આ તકલીફો સાથે પોતાનું કામ કરતાં રહેવું પડશે તે બાબત ચોક્કસ છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ટેક્સ અપીલ ફાઈલ કરવામાં થતાં વિલંબ અંગે સરકારને સુપ્રીમ કોર્ટની મહત્વની ટકોર

## ૧૨૦૦ દિવસના મોડી ફાઈલ થયેલ આપીલ સાંભળતી વખતે સુપ્રીમ કોર્ટ સરકારથી ખફા!!

તા. ૨૦.૦૮.૨૦૨૧: સુપ્રીમ કોર્ટ દ્વારા ટેક્સ અપીલ મોડી દાખલ કરવા અંગે સરકારની આકરી ઝાટકણી કાઢી છે. જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ તથા જસ્ટિસ એમ. આર. શાહની ખંડપીઠ દ્વારા આ અંગે સરકારને જ્યુડિશ્યરીમાં ''કેસ ઈન્ફોર્મેશન સિસ્ટમ'' જેવી યોગ્ય પદ્ધતિ દાખલ કરવા ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. જેવા કાયદા લાગુ થયા બાદ હવે આ પ્રકારે કેસ મોનિટરિંગ સિસ્ટમ બનાવવી વધુ સરળ થઈ શકે તેવી સંભાવના પણ સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની વિશેષ ખંડપીઠ દ્વારા ખાસ ટકોર કરવામાં આવી છે કે ૫૦૦ થી માંડીને ૭૦૦ દિવસ સુધી જ્યારે આ પ્રકારે ટેક્સ અપીલ કરવામાં વિલંબ કરવામાં આવે છે ત્યારે ક્યારેક



સરકાર તરફે સારા હોય તેવા કેસમાં પણ સરકારને પછડાટ મળતી હોય છે. જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડ દ્વારા યાદ કરવવામાં આવ્યું હતું કે સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા અનેક વાર આ અંગે ટકોર કરવામાં આવી છે છતાં આ બાબતે સંતોષકારક કામગીરી થઈ હોય તેવું જણાતું નથી. જ્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા આ પ્રકારે મોડી દાખલ થયેલ અપીલ સ્વીકારવા ઈન્કાર કરવામાં આવે છે ત્યારે અધિકારીઓ એવો બચાવ કરવામાં આવે છે કે તેઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી પરંતુ તેનો કોર્ટ દ્વારા ''ડીલે કોંડોન'' કરવામાં આવ્યો ન હતો. આ અંગે કોર્ટમાં સરકાર વતી વકીલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકાર દ્વારા એક કમિટીનું ગઠન આ સોમવાર સુધીમાં કરી આપવામાં આવશે જે આ પ્રકારની સિસ્ટમ ઊભી કરવા સૂચનો કરશે. CCE ST વિરુદ્ધ બિલ ફાઇનડરનીઓ સ્ટ્રક્ટો કન્સ્ટ્રકશન લી.ના કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા આ ટિપ્પણી કરવામાં આવી હતી. નિષ્ણાંતો માને છે કે આ પ્રકારે મોડી આપીલ દાખલ કરવાની મુશ્કેલીઓ સુપ્રીમ કોર્ટથી માંડી હાઇકોર્ટ તથા ટ્રાઇબ્યુનલમાં પણ રહેલી છે. અપીલ મોડી દાખલ કરવાના કારણે સરકારને તો હાનિ થતી જ હોય છે સાથે સાથે કરદાતાઓના માથે પણ લાંબા સમય સુધી આ પ્રકારે તલવાર લટકતી રહેતી હોય છે. સરકાર દ્વારા નીમવામાં આવે તે કમિટી જલ્દી આ અંગે કોઈ પદ્ધતિ ઊભી કરે તેવી આશા સેવાઇ રહી છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# જી.એસ.ટી. હેઠળ રિવોકેશનની અરજી બાબતે કરવામાં આવ્યો મહત્વનો ખુલાસો

## રિવોકેશન બાબતે અપીલ તબક્કે પેન્ડિંગ હોય તેવા તથા અપીલ રિજેક્ટ થઈ હોય તેવા કેસોને પણ પડશે લાગુ

તા. ૦૭.૦૯.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ એવા કરદાતા કે જેઓનો જી.એસ.ટી. નંબર અધિકારી દ્વારા રદ્દ કરી નાંખવામાં આવ્યો હોય અને જેની સામે રિવોકેશન અરજી કરવાની મુદત ૦૧ માર્ચ ૨૦૨૧ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં પડતી થતી હોય તેવા કેસો માટે રિવોકેશનની અરજી કરવાની મુદતમાં ૩૦ સપ્ટેમ્બર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ અંગે સેન્ટરલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા નોટિફીકેશન ૩૪/૨૦૨૧, તા. ૨૯.૦૮.૨૦૨૧ બહાર પાડવામાં આવ્યું હતું. આ નોટિફીકેશનના અર્થઘટન બાબતે મહત્વનો સર્ક્યુલર હવે બહાર પાડવામાં આવ્યો છે. આ સર્ક્યુલર મુજબ ખુલાસો કરવામાં આવ્યો છે કે આ વધારાની મુદતનો લાભ નીચેના તમામ કેસોને મળશે.

- જે કિસ્સાઓંમાં નોંધણી દાખલો અધિકારી દ્વારા રદ કરવામાં આવ્યો હોય અને કરદાતા દ્વારા રિવોકેશનની અરજી કરવામાં જનાઆવેલ હોય,
- જે કિસ્સામાંઓંમાં નોંધણી દાખલો અધિકારી દ્વારા રદ કરવામાં આવ્યો હોય અને કરદાતા દ્વારા રિવોકેશનની અરજી કરવામાં આવેલ હોય જે અંગે નિર્ણય લેવાનો બાકી હોય,
- જે કિસ્સાઓંમાં નોધાની દાખલો અધિકારી દ્વારા રદ કર્યા બાદ, કરદાતા એ રિવોકેશન અરજી કરવામાં આવી હોય જે રદ્દ કરવામાં આવી હોય અને કરદાતા દ્વારા આ સામે અપીલ ના કરવામાં આવી હોય.
- જે કિસ્સાઓંમાં નોંધણીનો દાખલો અધિકારી દ્વારા રદ કર્યા બાદ, કરદાતા એ રિવોકેશન અરજી કરવામાં આવી હોય જે રદ્દ કરવામાં આવી હોય અને કરદાતા દ્વારા આ સામે અપીલ કરવામાં આવી હોય જેનો નિર્ણય બાકી હોય.




- જે કિસ્સાઓંમાં નોધાની દાખલો અધિકારી દ્વારા રદ કર્યા બાદ, કરદાતા એ રિવોકેશન અરજી કરવામાં આવી હોય જે રદ કરવામાં આવી હોય અને કરદાતા દ્વારા આ સામે અપીલ કરવામાં આવી હોય જેનો નિર્ણય કરદાતા વિરુદ્ધ કરવામાં આવ્યો હોય.

ઉલેખનીય છે કે ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ થી જી.એસ.ટી. નિયમો હેઠળ રિવોકેશન અરજી કરવાની મુદત આસિસ્ટન્ટ કમિશ્નર સ્તરે ૩૦ દિવસ, જોઇન્ટ કમિશ્નર સ્તરે ૬૦ દિવસ તથા કમિશ્નર સ્તરે ૯૦ દિવસ કરી આપવામાં આવી છે. આ સર્ક્યુલર અંતર્ગત એ પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે રિવોકેશન અરજી કરવાની મુદતની ગણતરીમાં જ્યારે નોંધણી દાખલો રદનો આદેશ ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ પછી (ઉપરોક્ત સુધારા પછી) કરવામાં આવ્યો હોય અથવા ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ જી.એસ.ટી. રિવોકેશન અરજી કરવાની મુદત પૂર્ણ થયેલ ના હોય તેવા તમામ કિસ્સામાં જી.એસ.ટી. હેઠળ થયેલ સુધારા મુજબ નવી મર્યાદાનો લાભ મળશે.

આ ઉપરાંત આ સર્ક્યુલર દ્વારા એ પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે ૩૧.૦૮.૨૦૨૧ ના રોજ નોંધણી દાખલો રદ થયાના આદેશને ૯૦ દિવસ પૂર્ણ થઈ ગયા હોય તેવા કિસ્સામાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં રિવોકેશનની અરજી કરવી ફરજિયાત રહેશે. આવા કિસ્સામાં કમિશ્નર કે જોઇન્ટ કમિશ્નર કોઈ વધારાની મુદતનો લાભ આપી શકશે નહીં. એવા કિસ્સાઓ કે જ્યાં ૩૧.૦૮.૨૦૨૧ સુધી નોંધણી દાખલા રદ થયાને ૩૦ દિવસ થયા હોય તેવા કિસ્સામાં જોઇન્ટ કમિશ્નર જો યોગ્ય કારણ જણાય તો ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ ૩૦ દિવસનો વધારાનો સમય આપી શકે છે. આ ઉપરાંત ૩૧.૦૮.૨૦૨૧ ના રોજ નોંધણી દાખલો રદ્દ થયાના આદેશને ૬૦ દિવસ ઉપરનો સમય થયો હોય તો ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ, યોગ્ય જણાય તો ૩૦ દિવસનો વધુ સમય કમિશ્નર કરદાતાને આપી શકે છે.

આમ, અધિકારી દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ રિટર્ન કે ટેક્સ ભરવાની ચૂકના કારણે રદ થયેલ લગભગ તમામ કરદાતાઓ ને આ વધારાની મુદતનો લાભ મળશે તેવું નિષ્ણાંતો માંની રહ્યા છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ઈન્કમ ટેક્સ ફેઈસલેસ એસેસમેન્ટ હેઠળ ઈ વેરિફિકેશન કરવામાં કરદાતાઓને મુક્તિઃ કંપની સહિતના કરદાતાઓને EVC કરાવવાની ઝંઝટમાંથી મળશે મુક્તિ

તા. ૦૯.૦૯.૨૦૨૧:ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ આકારણી માટે ફેઈસલેસ સ્કૃટીની એસેસમેન્ટની મહત્વકાંક્ષી યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાનો મૂળ હેતુ કરદાતાઓને ઈન્કમ ટેક્સ ઓફિસના ધક્કાથી બચાવવાનો તથા સંપૂર્ણ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો છે. પરંતુ આ યોજના હેઠળ ટેકનિકલ જટિલતા અંગે કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ પાસેથી ફરિયાદો સાંભળવા મળી રહી હતી. હાલ, કોઈ પણ કરદાતાએ ફેઈસલેસ આકારણીમાં કોઈ જવાબ કે વિગતો રજૂ કરવાની થતી હોય છે તે રજૂ કરવા સમયે આધાર OTP અથવા EVC દ્વારા વેરિફિકેશન કરવું જરૂરી રહેતું હતું. કંપની કરદાતાઓના કેસમાં તથા ઈન્કમ ટેક્સ હેઠળ ઓડિટ




કરાવવા જવાબદાર કરદાતાના કેસમાં આ જવાબ કે વિગતો રજૂ કરવા ડિજિટલ સિગ્નેચર વડે વેરિફિકેશન જરૂરી રહેતું હતું. આ યોજનામાં મહત્વપૂર્ણ ફેરફાર કરી કરદાતાઓને આ વિધિ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા આ અંગે ૦૭ સપ્ટેમ્બરે પ્રેસ રીલીઝ બહાર પાડવામાં આવી છે.

આ પ્રેસ રીલીઝ અનુસાર ઈન્કમ ટેક્સ ફેઈસલેસ સ્કૃટીનીમાં કોઈ પણ જવાબ કે વિગતો રજૂ કરવા માટે કરદાતા ઈન્કમ ટેક્સ પોર્ટલમાં પોતાના એકાઉન્ટનો ઉપયોગ કરે ત્યારે વેરિફિકેશનની કોઈ જરૂરિયાત રહેશે નહીં. આ રાહત કંપની, ટેક્સ ઓડિટ સહિતના કેસોને લાગુ પડશે તેવું આ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે. જો કે આ બાબતે ઈન્કમ ટેક્સ કાયદામાં કરવાના થતાં ફેરફારો આગામી સંસદ સત્રોમાં કરવામાં આવશે તેવું પણ જણાવવામાં આવ્યું છે.

આમ, શક્ય બને કે કંપની કરદાતાઓ તથા ટેક્સ ઓડિટ કરાવવા જવાબદાર કરદાતાઓએ આ સુવિધા તથા સરળતાનો લાભ લેવા થોડી વધુ રાહ જોવી પડી શકે છે. "ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ" તરફ ઉઠાવવામાં આવેલ આ સુધારાને કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ આવકારી રહ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ફિલ્મ અભિનેત્રી પ્રીતિ ઝીંટા ઉપર લાદવામાં આવેલ પેનલ્ટી રદ કરતી ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલ

## ટેકનિકલ કારણોસર અભિનેત્રીને પેનલ્ટી ભરવામાંથી મળી મુક્તિ

તા. ૦૮.૦૯.૨૦૨૧: જાણીતી બોલીવુડ ફિલ્મ અભિનેત્રી અને IPLની ટિમ કિંગ્સ ઇલેવન પંજાબની સહમાલિક પ્રીતિ ઝીંટા ઉપર લાદવામાં આવેલ પેનલ્ટી ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલની મુંબઈ બેન્ચ દ્વારા દૂર કરવામાં આવી છે. કેસોની વિગત જોઈએ તો અભિનેત્રીએ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પોતાના નિર્માણ ગુહની એક ફિલ્મ "ઈશ્ક ઈન પેરિસ" માટે લેવામાં આવેલ લોન બાબતે વ્યાજનો ખર્ચ દર્શાવવામાં આવ્યો હતો. આ ફિલ્મનું નિર્માણ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં શરૂ કરવામાં આવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં આ ફિલ્મનું નિર્માણ પૂર્ણ કરવામાં આવેલ હતું. આકારણી અધિકારી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં લેવામાં આવેલ લોન ઉપરનું વ્યાજ અંશતઃ રીતે નામંજૂર કરવામાં આવ્યું હતું અને સાથે સાથે આ વ્યાજ ખર્ચ



તરીકે બાદ લેવા બદલે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૭૧(૧)C હેઠળ ૫૭ લાખની પેનલ્ટી પણ કરવામાં આવી હતી.

પ્રીતિ ઝીંટા દ્વારા આ ચુકાદાને પહેલા કમિશ્નર ઓફ અપીલમાં (CIT અપીલ) પડકારવામાં આવ્યો હતો. CIT અપીલ દ્વારા કરદાતાની એટલેકે પ્રીતિ ઝીંટાની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. જેની સામે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. ઈન્કમ ટેક્સ ટ્રિબ્યુનલ દ્વારા CIT અપીલનો આદેશ કાયમ રાખતા જણાવ્યુ હતું કે અધિકારી દ્વારા દંડનો આદેશ પસાર કરતાં પહેલા આપવામાં આવેલ કારણ દર્શક નોટિસ યોગ્ય ગણી શકાય નહીં. આ નોટિસમાં પેનલ્ટી લેવાનું યોગ્ય કારણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું ના હતું. મુંબઈ હાઈકોર્ટના અન્ય ચુકાદાઓને ધ્યાને લઈ ટ્રિબ્યુનલ દ્વારા અભિનેત્રીની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. અધિકારી દ્વારા નોટિસ આપવામાં કરવામાં આવેલ ટેકનિકલ ભૂલનો લાભ પ્રીતિ ઝીંટાને મળ્યો હતો અને તેના ઉપર લાદવામાં આવેલ અંદાજે ૫૭ લાખની પેનલ્ટી રદ કરવામાં આવી હતી.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# જી.એસ.ટી. હેઠળ આપવામાં આવી મહત્વની રાહતો....જે જાણવી છે તમારા માટે જરૂરી

## જી.એસ.ટી. પોર્ટલ પણ લગભગ કાર્યરત હોય આ પ્રકારે આપવામાં આવેલ રાહતોને આવકરતા ટેક્સ પ્રોફેશનલ્સ




તા. ૨૯.૦૮.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ કરદાતાઓને કોરોના મહામારીના આ કપરા કાળમાં મહત્વની રાહતો આપતા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા છે. કંપની કરદાતાઓ કે જેઓએ પોતાના જી.એસ.ટી. હેઠળના રિટર્ન ડિજિટલ સિગ્નેચર વડે સહી કરવી જરૂરી હોય છે. આ બાબતે કોરોના કાળમાં કરદાતાઓને આ વિધિમાં ૩૧ ઓગસ્ટ સુધી રાહત આપવામાં આવી હતી. આજે નોટિફીકેશન ૩૨/૨૦૨૧, તા. ૨૯.૦૮.૨૦૨૧ દ્વારા આ રાહતમાં વધારો કરી ૩૧ ઓક્ટોબર સુધી આ ડિજિટલ સિગ્નેચર કરવામાંથી કંપની કરદાતાઓને મુક્તિ આપવામાં આવી છે. જુલાઇ ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૨૧ સુધીના બાકી રિટર્ન બાબતે કરદાતાઓને આપવામાં આવેલ લેઈટ ફીની રાહત ૩૧ ઓગસ્ટ સુધીમાં ભરવામાં આવતા રિટર્ન બાબતે જ આપવાની થતી હતી. આ મુદતમાં વધારો કરી ૩૦ નવેમ્બર સુધી આ મુદત માટેના રિટર્ન ભરવામાં આવશે ત્યારે ૫૦૦ રૂપિયાની રાહતકારક લેઈટ ફીનો લાભ આપવામાં આવશે એવી મહત્વની જાહેરાત નોટિફિકેશન ૩૩/૨૦૨૧, તા. ૨૯.૦૮.૨૦૨૧ દ્વારા કરવામાં આવી છે.

આ ઉપરાંત એવા કરદાતા કે જેમના જી.એસ.ટી. રજીસ્ટ્રેશન જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રદ કરી નાંખવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં જ્યારે રિવોકેશન અરજી કરવાની મુદત ૦૧ માર્ચ ૨૦૨૦ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં પડતી હોય ત્યારે આ મુદતમાં ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કરી શકશે તેવી મહત્વની રાહત ૩૪/૨૦૨૧, તા. ૨૯.૦૮.૨૦૨૧ દ્વારા આપવામાં આવી છે. કોરોનાના આ મુશ્કેલ સમયમાં આ પ્રકારે કરદાતાને રાહતો આપવામાં આવી છે તે ખાસ આવકારદાયક ગણાય.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# જી.એસ.ટી. હેઠળ કોઈ કાર્યાવહી ચાલુ ના હોય ત્યારે કરદાતાની મિલ્કત ઉપર ટાંચ મૂકી શકાય નહીંઃ ગુજરાત હાઈકોર્ટ

## મહાવીર એન્ટરપ્રાઈસ વી. ગુજરાત રાજ્યના કેસમાં કરદાતાને અંતરીમ રાહત આપતી વડી અદાલત



તા. ૨૩.૦૮.૨૦૨૧: ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરદાતાના બેન્ક ખાતા ઉપર ટાંચ મૂકવાના પગલાં ને અયોગ્ય ઠેરવતા આ ટાંચ ઉઠાવી લેવા આદેશ કરવામાં આવ્યો છે. કેસની વિગતો જોઈએ તો કરદાતા સમક્ષ જ્યારે તેમના બેન્ક ખાતામાં ટાંચ મૂકવામાં આવી ત્યારે કોઈ કાર્યવાહી ચાલુ ના હતી. જી.એસ.ટી. કાયદા હેઠળ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે કરદાતાની મિલકતો ઉપર ટાંચ તો જ મૂકવામાં આવી શકે જો કરદાતા ઉપર જી.એસ.ટી. કાયદાની કલમ ૬૨, ૬૩, ૬૪, ૬૭, ૭૩ કે ૭૪ હેઠળ કોઈ કાર્યવાહી ચાલુ હોય. કરદાતા વતી ઉપસ્થિત વકીલ અવિનાશ પોદ્દાર દ્વારા અસરકારક રીતે દલીલ કરતાં જણાવાયું હતું કે અધિકારી દ્વારા કરદાતાના બેન્ક ખાતા ઉપર મૂકવામાં આવેલ ટાંચ એ કાયદા મુજબ યોગ્ય નથી. ગુજરાત હાઈકોર્ટના ટેક્સ બેન્ચના બેલા એમ. ત્રિવેદી તથા અશોકકુમાર સી. જોશીની ખંડપીઠ દ્વારા અધિકારીને તેમના દ્વારા કરવામાં આવેલ બેન્ક ટાંચ સત્વરે ઉપાડી લેવા આદેશ કરવામાં આવ્યો હતો. આ કેસની હવે પછીની સુનાવણી ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ કરવામાં આવશે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ઈન્કમ ટેક્સ હેઠળ 12A, 80G સહિતની અરજી કરવાની મુદતમાં કરવામાં આવ્યો વધારો

## વિવાદ સે વિશ્વાસ સ્કીમ હેઠળ રકમ ભરવાની મુદતમાં પણ ૩૦ સપ્ટેમ્બર સુધી કરવામાં આવ્યો વધારો

તા. ૨૯.૦૮.૨૦૨૧: ઈન્કમ ટેક્સ હેઠળ કરવાની થતી અનેક કાર્યવાહીમાં આજે સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા એક પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડી વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં ટ્રસ્ટ દ્વારા કરવાની થતી 12A તથા 80G અંગેની કાર્યવાહી, 15G તથા 15Hના ફોર્મ ઓનલાઈન અપલોડ કરવા અંગેની કાર્યવાહી જેવી કરવાહીની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ માટે કલમ 12A, 80 G, 10(23C) હેઠળ નોંધણી, રિન્યુયલ જેવી કાર્યવાહીની મુદત જે ૩૧ ઓગસ્ટના રોજ પૂર્ણ થતી હતી તેના માટેની મુદતમાં ૩૧ માર્ચ ૨૦૨૨ સુધીનો આવકારદાયક વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૩૦ જૂનના રોજ પૂરા થતાં ત્રિમાસ માટેના મેળવેલ 15G તથા 15H જે ૩૧ ઓગસ્ટના રોજ




અપલોડ કરવાના થતાં હતા તે હવે ૩૦ નવેમ્બર ૨૦૨૧ સુધીમાં અપલોડ કરી શકશે. એવી જ રીતે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ના ત્રિમાસ માટે મેળવેલ 15G તથા 15H કે જે ૧૫ ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં અપલોડ કરવાના થતાં હતા તેની મુદતમાં પણ વધારો કરી ૩૧ ડિસેમ્બર કરી આપવામાં આવ્યો છે. આ સિવાય પણ ઈન્વેસ્ટમેંટ ફંડ, પેન્શન ફંડ, ખાસ કંપનીઓ માટેના અન્ય ફોર્મ ઓનલાઈન ભરવાની મુદતમાં પણ વધારો જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી નવા ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર આ ફોર્મ અપલોડ કરવામાં પાડી રહેલી મુશ્કેલી બાબતે કરદાતાઓ ફરિયાદ કરી રહ્યા હતા. ટેક્સ પ્રોફેશનલ્સનો મોટો વર્ગ આ પ્રકારે મુદતો વધારા અંગે આસ્વાસ્થ હતા તેવા સમાચારો મળી રહ્યા છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ૦૧ સપ્ટેમ્બરથી લાગુ થશે જી.એસ.ટી.નો આ મહત્વનો ફેરફાર જે કરી શકે છે તમારી ઉપર મોટી અસર

તાઃ ૨૮.૦૮.૨૦૨૧: જી.એસ.ટી. કાયદો લાગુ થયો છે ત્યારથી જી.એસ.ટી. કાયદા, નિયમો તથા પોર્ટલ ઉપર અનેક ફેરફારો કરવામાં આવ્યા છે. ક્યારેક કોઈ ફેરફારોનો હેતુ જી.એસ.ટી. હેઠળ થતી કરચોરી રોકવાનો હોય છે અને અમુક ફેરફારોનો હેતુ કરદાતાઓ માટે સરળતા લાવવાનો હોય છે. ૦૧ સપ્ટેમ્બરથી એક મહત્વનો ફેરફાર જી.એસ.ટી. પોર્ટલ ઉપર થવા જઈ રહ્યો છે. આ બદલાવ મુજબ જો કોઈ કરદાતાના પાછલા બે મહિનાના GSTR 3B ભરવાના બાકી હશે તો તેમને ૦૧ સપ્ટેમ્બર બાદ સિસ્ટમ દ્વારા તેમના GSTR 1 ભરવા આપવામાં આવશે નહીં. આવી રીતે QRMP સ્કીમ હેઠળ

## કરદાતાએ જ્યારે પોતાના પાછલા 3B રિટર્ન નહીં ભર્યા હોય તો તેઓ નહીં ભરી શકે GSTR 1

ત્રિમાસિક 3B રિટર્ન ભરવા જવાબદાર કરદાતા માટે જો તેમનું છેલ્લા ત્રિમાસનું 3B રિટર્ન ભરવાનું બાકી હશે તો





પણ તેઓ ૦૧ સપ્ટેમ્બરથી પોતાનું GSTR 1 ભરી શકશે નહીં. જ્યારે કોઈ કરદાતા GSTR 1 ભરશે નહીં ત્યારે તેમના ખરીદનારને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં મુશ્કેલી સર્જાશે. જી.એસ.ટી. નિયમો હેઠળના નિયમ ૫૯(૬)માં કરવામાં આવેલ નિયમનો અમલ હેઠળ આ ફેરફાર પોર્ટલમાં લાગુ થવા જઈ રહ્યો છે. કરદાતા જ્યારે પોતાનૌ GSTR 1 સબમિટ કરવા જશે ત્યારે તેઓને આ "ડિફોલ્ટ" અંગેની "એરર" સિસ્ટમ દ્વારા આપવામાં આવશે. જો કે કરદાતા દ્વારા અપલોડ કરવામાં આવેલ ડેટા સિસ્ટમ ઉપર રહેશે અને જ્યારે બાકી 3B રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવશે ત્યારે તેઓને પોતાના GSTR 1 સિસ્ટમ ઉપર સબમિટ કરી શકશે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટના ધ્યાને આવ્યું છે કે ઘણા કરદાતા પોતાના ખરીદનારને ક્રેડિટ મળે તે માટે GSTR 1 નિયમિત ભરી આપતા હતા પરંતુ GSTR 3B ફોર્મ કે જેના દ્વારા તેઓએ ટેક્સ ભરવાનો થાય છે તે ભરવામાં ચૂંક કરતાં હતા. હવે જ્યારે આ સુધારો જી.એસ.ટી. પોર્ટલ ઉપર કરવામાં આવશે ત્યારબાદ કરદાતાઓ આ પ્રમાણે ટેક્સ ચૂકવવામાં ઢીલ કરી કરી શકશે નહીં. આ પ્રકારના સુધારાથી કરચોરી ઘટાડી શકાય છે તથા આ પ્રકારના પગલાંથી કરદાતાઓ નિયમિત બનશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# પૂડુચેરીમાં પેટ્રોલ ઉપરના વેટમાં કરવામાં આવ્યો ૩%નો ઘટાડો; શું ગુજરાત સહિત અન્ય રાજ્યો કરશે અનુકરણ???

## ક્રૂડના ભાવ ઘટતા વેટ વધારી સરકારી તિજોરીનું નુકસાન બચાવતી સરકાર જ્યારે ક્રૂડના ભાવ વધે ત્યારે વેટ ઘટાડવા નથી કરતી વિચાર!!

તા. ૨૭.૦૮.૨૦૨૧: પેટ્રોલ-ડીઝલના ભાવ હાલ રેકોર્ડ સ્તર પર પહોચી ગયા છે. સેન્ચ્યુરીની નજીક રહેલા હાલ આ ભાવમાં વધારાનું મુખ્ય કારણએ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવને ગણવામાં આવે છે. આ ભાવ વધારો રોકવો ચોક્કસ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારોના હાથની વાત નથી. પરતું પેટ્રોલ અને ડીઝલમાં મોટા પ્રમાણમા લગતા કેન્દ્ર અને રાજ્ય સરકારોના વેટના કારણે લોકોએ આટલી મોટી રકમ પેટ્રોલ તથા ડીઝલ માટે ચૂકવવી પડતી હોય છે. એક અહેવાલ પ્રમાણે અંદાજે પેટ્રોલ તથા ડીઝલ ઉપર લગતા વેરા પૈકી ૬૦% થી ઉપર વેરો કેન્દ્ર સરકાર પાસે જતો હોય છે જ્યારે બાકીના ૪૦% જેટલો વેરો રાજ્ય સરકારો પાસે જતો હોય છે.




સમાચાર પત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કેન્દ્ર સરકારે સબસિડીના ભારણના કારણે કોઈ પણ જાતના કેન્દ્રિય વેરામાં કાપ મૂકવા ઈન્કાર કરેલ છે અને રાજ્યોને આ અંગે પોતાના વેરામાં કાપ મૂકવા આગ્રહ કરવામાં આવ્યો છે. દક્ષિણ ભારતના નાના એવા રાજ્ય પુડુચેરી દ્વારા આ અંગે પહેલ કરી વધતાં પેટ્રોલના ભાવોને રોકવા વેટમાં ૩% જેવો ઘટાડો કર્યો છે. આ ઘટાડાથી પેટ્રોલ ભાવમાં રાજ્યમાં ૨.૪૩ રૂપિયા જેવો લિટરે ઘટાડો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે દક્ષિણ ભારતના અન્ય રાજ્ય તામિલનાડુ દ્વારા અગાઉ પેટ્રોલ ઉપર લગતા વેટમાં ૩% ઘટાડો જાહેર કર્યો છે. સામાન્ય રીતે જ્યારે ક્રૂડ ઓઇલના ભાવ આંતરરાષ્ટ્રીય બઝારમાં ઘટે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર પોતાની તિજોરીને થતાં નુકસાનને બચાવવા ટેક્સના દરમાં વધારો કરતાં હોય છે. આશ્ચર્ય જનક વાત એ છે કે આજ સરકારો જ્યારે આ ક્રૂડ ઓઇલના ભાવ જ્યારે વધી જાય ત્યારે પેલો વધારો પાછો ખેચવા અંગે ગંભીર પણે વિચારતી પણ હોતી નથી!!

પેટ્રોલ-ડીઝલના ભડકે બળતા ભાવ બાબતે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારો વેરામાં રાહત આપે તેવી માંગ પ્રજામાં ઉઠી રહી છે. પેટ્રોલ ડીઝલને જી.એસ.ટી. હેઠળ સમાવવામાં આવે તો પણ આ ભાવમાં ઘટાડો આવી શકે છે તેવો મત નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે પરંતુ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે રાજ્ય સરકારો પોતાની પાસે રહેલી એક માત્ર પેટ્રોલ-ડીઝલની વેટની આવક જતી કરવા જલ્દી સહમત થશે નહીં.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

## Important Judgements with Tax Today

# સર્ટીફાઇડ આકારણી આદેશના જોડવા જેવી સામાન્ય ટેકનિકલ ક્ષતિના કારણે અપીલ રદ્દ કરી શકાય નહીં: ઓરિસ્સા હાઈકોર્ટ

**Shree Jagannath Traders V/s Commissioner of State Tax, Orrissa Others**
**Writ Petition No. 15061/2021**
**Order Dt. 7th June 2021**

**કેસના તથ્યો:**

- આકારણી અધિકારી દ્વારા ૧૮ ઓગસ્ટ ૨૦૨૦ ના રોજ એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો.
- આ આદેશ ઓનલાઈન એ જ દિવસે અપલોડ કરવામાં આવ્યો હતો.
- આમ, કરદાતા માટે ૧૮ ઓગસ્ટ ૨૦૨૦ના આદેશ સામે અપીલ ફાઇલ કરવાની છેલ્લી તારીખ ૧૭ નવેમ્બર ૨૦૨૦ હતી.
- કરદાતા દ્વારા ૧૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ અપીલ ફાઇલ કરી આપવામાં આવી હતી.
- આ અપીલ ફાઇલ કરવામાં કરદાતા દ્વારા અધિકારીએ જે ઓનલાઈન આદેશ અપલોડ કર્યો હતો તે જોડવામાં આવ્યો હતો. અધિકારી દ્વારા કરવામાં આવેલ આદેશની સર્ટીફાઇડ કોપી આ અપીલમાં જોડવામાં આવેલ ના હતી.
- જી.એસ.ટી. નિયમોના નિયમ ૧૦૮(૩) હેઠળ આકારણી આદેશની સર્ટીફાઇડ કોપી જોડવી જરૂરી છે.
- કરદાતા દ્વારા આ સર્ટિફાઇડ આકારણી આદેશ છેક ૨૧ માર્ચ ૨૦૨૧ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો.
- આ સર્ટીફાઇડ આદેશ રજૂ કરવામાં અપીલ દાખલ કરવાની મુદતથી ૩ મહિના અને ૨૧ દિવસનું મોડુ થયેલ હોય અપીલ અધિકારી (એડી કમી. સ્ટેટ ટેક્સ-અપીલ) દ્વારા આ ડીલે કોંડોન કરવામાં આવ્યો ના હતો અને કરદાતાની અપીલ દફતરે કરી નાંખવામાં આવી હતી.

**કરદાતા તરફે દલીલ:**

- કરદાતાના વકીલ કે જેમના દ્વારા અપીલ ફાઇલ કરવામાં આવી હતી તેઓ અપીલ ફાઇલ કર્યા પછી સેલ્ફ ક્વારંટાઈન હતા.
- કરદાતા દ્વારા સર્ટીફાઇડ નહીં પરંતુ આકારણી આદેશ જોડવામાં તો આવ્યો જ હતો.
- કોરોનાના કપરા કાળમાં આ પ્રમાણે ટેકનિકલ કારણોસર અપીલ રદ કરી શકાય નહીં.
- આ પ્રકારે જેન્યુઇન કારણો હોય, કોવિડની મુશ્કેલી હોય, અપીલ અધિકારી દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦૭(૪)ની સમયમર્યાદાથી મોડી હોવા છતાં અપીલ ચલાવવી જોઈએ.

**કોર્ટનો ચુકાદો:**

- કરદાતા દ્વારા રજૂ કરવામાં આવેલ કારણો માનવમાં આવે તેવા છે.
- કોરોનાના આ કપરા કાળમાં આ પ્રકારેણ નાની વિધિગત ક્ષતિના કારણે અપીલ ચલાવવામાં ના આવે તો એ યોગ્ય ન્યાયના ગણાય.
- હાલ જ્યારે કોર્ટો અને ટ્રાઈબ્યુનલ મર્યાદિત રીતે કામ કરતી હોય ત્યારે અપીલ અધિકારીની જવાબદારી આ અંગે ઔર વધુ થઈ જાય છે.
- અપીલ અધિકારી દ્વારા ૧૦ માર્ચ ૨૦૨૧ના રોજ અપીલની સમય મર્યાદાના કારણે રદ કરવામાં આવેલ આદેશ આથી રદ કરવામાં આવે છે.
- આ અપીલ ફરી તથ્યોના આધારે સાંભળી આદેશ કરવા અપીલ અધિકારીને જણાવવામાં આવે છે અને આ બાબતે ૦૪ ઓક્ટોબર સુધીમાં આદેશ કરવા પણ ઠરાવવામાં આવે છે.
- કોર્ટનું ધ્યાન એ તરફ પણ દોરવામાં આવ્યું હતું કે આ પ્રકારે ઘણા કેસોમાં સર્ટીફાઇડ કોપીના કારણે ઘણા કેસોની અપીલ નામંજૂર કરવામાં આવી છે.
- આ બાબતે પણ અપીલ અધિકારીઓને આ સાથે જણાવવામાં આવે છે કે જ્યાં સુધી ટ્રાઇબ્યુનલ અને હાઇકોર્ટ કોરોનાના કારણે મર્યાદિત રીતે કાર્ય કરી રહી હોય ત્યારે સર્ટિફાઇડ કોપીના સ્થાને જે તે પક્ષકારોના વકીલના વેરિફિકેશન વાળી ડાઉનલોડેડ કોપી ચલાવવામાં આવે.

(**સંપાદક નોંધ:** આ ચુકાદો આમ તો આ કેસના તથ્યો આધારિત છે. પરંતુ આ ચુકાદામાં જી.એસ.ટી. કાયદામાં પ્રસ્થાપિત સમય મર્યાદા કરતાં વધારે ડીલે કોંડોન કરવામાં આવ્યો છે. હાલ એ માન્યતા મોટાપ્રમાણમાં પ્રવર્તે છે કે કોઈ ટ્રાઈબ્યુનલ હોય કે કોર્ટ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦૭ હેઠળ આપેલ સમય મર્યાદા તથા વધારાની સમય મર્યાદાથી વધુ ડીલે કોંડોનેશન શક્ય નથી. પરંતુ આ કેસમાં માનનીય ઓરિસ્સા હાઈકોર્ટ દ્વારા યોગ્ય કારણો હોવાના કારણે અપીલ કરવામાં ડીલે કોંડોન કરવામાં આવ્યો છે. આ ચુકાદો ડીલે કોંડોનેશન વાળા કેસો માટે ઉપયોગી બનશે.)

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ફરી થઈ શકે છે આવા કેસોની મેન્યુઅલ સ્ક્રૂટીની!!!

**ફેસલેસ સ્ક્રૂટીનીમાં ચલાવવા મુશ્કેલ હોય તેવા તમામ કેસોની યાદી એસેસમેન્ટ યુનિટ પાસેથી મંગવતી CBDT. ફેસલેસ એસેસમેન્ટના સ્થાને મેન્યૂલ એસેસમેન્ટ કરી શકાય તે માટે જરૂરી છે CBDTની પરવાનગી**

તા.૨૧.૦૮.૨૦૨૧: ઇન્કમ ટેક્સ હેઠળ હાલ તમામ સ્ક્રૂટીની (ચકાસણી) ફેસલેસ એટલે કે ઓનલાઈન કરવામાં આવે છે. ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ ખાસ સંજોગોમાં કેસો ફેસલેસ એસેસમેન્ટમાંથી તબદીલ કરી મેન્યુલ એસેસમેન્ટ માટે મોકલી શકાય છે. આ પ્રકારે ફેસલેસ પ્રક્રિયાથી મેન્યુલ પ્રક્રિયામાં તબદીલ કરવાની સત્તાનો સામાન્ય સંજોગોમાં ઉપયોગ ના થાય તે હેતુથી આ પ્રકારની તબદીલી માત્ર સેન્ટરલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT)ની એપ્રૂવલ બાદ જ કરી શકાય છે. મળતી માહિતી પ્રમાણે નેશનલ ફેસલેસ એસેસમેંટ સેન્ટર દિલ્હી દ્વારા તમામ રિજિનલ એસેસમેન્ટ યુનિટના કમિશ્નરને એવા કેસોની યાદી સોંપવા જણાવાયું છે જેની આકારણી ફેસલેસ પદ્ધતિથી કરવી મુશ્કેલ છે. આવા કેસોમાં નીચેના કેસોને સમાવવા આ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

1. એવા કેસો જ્યાં કરદાતા હયાત ના હોય અને આ કેસમાં તેમના વારસદારને જોડવાના થતાં હોય.
2. મર્જર, અમાલગમેશન, રીસ્ટ્રક્ચર થયેલ કંપનીના કેસો જ્યાં કંપનીનું હસ્તાંતર/રિસ્ટરક્ચરિંગ કરવામાં આવ્યું હોય.
3. જે કંપનીના કેસો NCLT/ROC દ્વારા ખાસ નિર્દિષ્ટ વિધિ પાલન કરીને જે ચલાવવાના થતાં હોય.
4. એવા કેસો જ્યાં PAN ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર રજિસ્ટર્ડ ના હોય અથવા તો કરદાતાનું ઇ મેઈલ ડિપાર્ટમેંટ પાસે ના હોય.
5. એવા કેસો જેની સિસ્ટમ ઉપર કોઈ ખાસ કારણસર વિધિ કરવી શક્ય ના હોય,
6. એવા કેસો જ્યાં ડુપ્લિકેટ PANના પ્રશ્નો હોય.

ઉપરોક્ત કિસ્સામાં પડતાં કેસોની વિગતો મોકલવા તમામ રિજનલ ફેસલેસ એસેસમેન્ટ યુનિટને તાકીદ કરવામાં આવી હતી. આ પ્રકારના કેસોની વિગતો આવતા આવા દરેક કેસોની પરવાનગી (એપરુવલ) CBDT પાસેથી લઈ આવા કેસો મેન્યુલ સ્ક્રૂટીની માટે ફાળવવામાં આવશે તેવા સમાચારો મળી રહ્યા છે. આ પદ્ધતિએ સરકારનો એક અતિ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માનવમાં આવી રહ્યો છે. નવી પદ્ધતિને કરદાતાઓ તથા અધિકારીઓ કેવી રીતે સ્વીકારે છે અને સરકારી મહત્વકાંક્ષા કેટલી હદે ફળીભૂત થાય છે તે તો આવનારો સમય જ કહી શકશે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

## Article from experts

# સિનિયર સીટીઝનને ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાંથી મુક્તિ... But Condition Applied**

**માત્ર ૭૫ વર્ષ કે તેથી ઉપરના સિનિયર સીટીઝનને લાગુ પડે છે આ રિટર્ન મુક્તિનો નિયમ, એ પણ વિવિધ શરતોને આધીન!!**

તા ૦૪.૦૯.૨૦૨૧: નાણામંત્રી નિર્મલા સિથારમણ દ્વારા બજેટ ૨૦૨૧માં સિનિયર સીટીઝનને ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાંમાં રાહત આપવા અંગેની જાહેરાત કરવામાં આવી હતી. આ માટે ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ 194Pની કલમ દાખલ કરવામાં આવી હતી. આ કલમ હેઠળ ખાસ નિયત કરવામાં આવેલ સિનિયર સીટીઝન દ્વારા નિયત કરવામાં આવેલ બેન્કોને પોતાની સંપૂર્ણ આવક નિર્દિષ્ટ ફોર્મ ભરી દર્શાવી આપવામાં આવે અને આ સૂચિત બેન્કો દ્વારા આ સંપૂર્ણ આવક ઉપર TDS કાપવામાં આવે તેવા સંજોગોમાં સિનિયર સીટીઝનને ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાંથી મુક્તિઆપવામાં આવેલ છે. આ ખાસ નિયત કરેલ સિનિયર સીટીઝન એટ્લે એવા સિનિયર સીટીઝન કે જેમની ઉમર ૭૫ વર્ષ કે તેથી કરતાં વધુ હોય. સ્પેસિફાઇડ બેન્ક પણ કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કરવામાં આવશે. ૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ઇન્કમ ટેક્સનું નિયમન કરતી સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા આ નિયમો હેઠળ સિનિયર સીટીઝન દ્વારા બેન્કને આપવા માટેના ફોર્મ સૂચિત કરવામાં આવ્યા છે. ઇન્કમ ટેક્સ નિયમ 26D ઉમેરવામાં આવ્યો છે જેના દ્વારા આ ઇન્કમ ટેક્સ રિટર્ન મુક્તિનો લાભ લેવા માંગતા કરદાતાઓ એ બેન્કને ફોર્મ 12BBA ભરીને આપવાનું રહેશે જેમાં કરદાતા દ્વારા પોતાની જે તે બેન્ક સિવાય અન્ય આવક અને રોકાણની માહિતી પુરાવા સાથે આપવાની રહેશે. આ માહિતી ઉપરથી નિયત કરેલ બેન્ક સીટીઝનને ફોર્મ ૧૬ આપશે અને ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ આ નિયત સિનિયર સીટીઝન દ્વારા ભરવાનો ટેક્સ કાપી ઇન્કમ ટેક્સમાં જમા કરાવશે. નિયત કરેલ બેન્ક દ્વારા સિનિયર સીટીઝન દ્વારા આપવામાં આવેલ આ ફોર્મ તથા તેના આધાર સાચવવાના રહેશે અને યોગ્ય સત્તાધિકારીને જ્યારે તેમના દ્વારા આ વિગતોની માંગવામાં આવે તો પૂરી પાડવાની રહેશે.



સિનિયર સીટીઝનને ઇન્કમ ટેક્સ રિટર્ન માં આપવામાં આવેલ મુક્તિના સમાચારો એ ખૂબ ચર્ચા જગાવી હતી. સિનિયર સીટીઝન આ સમાચાર વાંચી ખૂબ ખુશ થયા હતાં. પરંતુ જેમ જેમ આ અંગે વિગતો બહાર આવતી ગઈ છે તેમ આ મુક્તિ ખરેખર જમીની સ્તરે વધુ ઉપયોગી નહીં બને તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ અંગે વાત કરતાં જેતપુરના જાણીતા ટેક્સ એડવોકેટ લલિત ગણાત્રા જણાવે છે કે ''આ પ્રકારે ફોર્મ ભરી બેન્કને પુરાવા રજૂ કરવાની વિધિ કરતાં કદાચ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું સિનિયર સીટીઝનને વધુ સરળ લાગશે. બેન્ક ઉપર પણ આ વધારાની જવાબદારી આવશે અને એવી શક્યતા પણ નકારી શકાય નહીં કે જ્યાં બેન્કો આ પ્રકારે ૭૫ વર્ષ કે તેથી વધુ ઉપરના સિનિયર સીટીઝનના ખાતા શક્ય એટલા ઓછા પ્રમાણમા ખોલવાની નીતિ પણ અપનાવી શકે તેવી શક્યતા નકારી શકાય નહીં. જમીની સ્તરે આ નિયમોનો ફાયદો ખૂબ ઓછા પ્રમાણમા થશે તેવું હું માનું છું.'' આમ, ઇન્કમ ટેક્સ રિટર્નમાં સિનિયર સીટીઝનને આપવામાં આવેલ મુક્તિનો લાભ જમીની સ્તરે મોટા પ્રમાણમા મળે તેવી શક્યતા ઓછી જણાઈ રહી છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ચાર વર્ષ વીતી ગયા હોવા છતાં શું કરવા નથી શરૂ કરવામાં આવ્યા GSTR 2 અને GSTR 3??? દિલ્હી હાઈકોર્ટ

**GSTR 2 તથા ૩ શરૂ ના થવાના કારણે ખરીદનારાઓને પડી રહી છે અનેક મુશ્કેલી**




તા. ૨૩.૦૮.૨૦૨૧: દિલ્હી હાઈકોર્ટમાં યુનાઈટેડ કન્સ્ટ્રકશન કંપની દ્વારા રિટ પિટિશન ફાઇલ કરી જી.એસ.ટી.ના મૂળ માળખા મુજબના ફોર્મ્સ GSTR 2 તથા GSTR 3 શરૂ કરવા દાદ માંગવામાં આવી છે. કરદાતાની દલીલ છે કે હાલ આ ફોર્મ્સ ચાલુ ના કરવામાં આવ્યા હોય ખરીદનાર તરીકે રિફંડ મેળવવામાં તેઓને ખૂબ તકલીફ પડે છે. અરજકર્તા દ્વારા એમ પણ દલીલ કરવામાં આવી છે કે આ ફોર્મ્સ શરૂ ના થવાથી અનેક ઈન્પુટ ટેક્સ ક્રેડિટના કૌભાંડો પણ સામે આવી રહ્યા છે. સરકારી વકીલને નોટિસ આપી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં એફિડેવિટ ફાઇલ કરવા જણાવવામાં આવ્યું છે કે શું કરવા ચાર વર્ષ જેવો સમય થઈ ગયો હોવા છતાં આ ફોર્મ્સ લાગુ કરવામાં આવ્યા નથી?

ઉલ્લેખનિય છે કે જી.એસ.ટી. હેઠળના મૂળભૂત માળખામાં GSTR 1, 2, 3 જેવા ફોર્મ્સ રાખવામા આવ્યા હતા. આ પૈકી હાલ માત્ર GSTR 1ને જ જી.એસ.ટી. પોર્ટલ ઉપર કાર્યરત કરવામાં આવ્યું છે. GSTR 2 તથા GSTR 3 ચાર વર્ષ થઈ ગયા હોવા છતાં પણ કાર્યરત કરવામાં આવ્યા નથી. GSTR 3 કે જે મુખ્ય રિટર્ન હતું તેના સ્થાને GSTR 3B જેવુ સમારી રિટર્ન દાખલ કરી દેવામાં આવ્યું છે. હાલ, જી.એસ.ટી. નિયમોના નિયમ ૩૬(૪) હેઠળ અનેક ખરીદનારાઓની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેચનારાઓ દ્વારા GSTR 1માં તેઓને કરવામાં આવેલ વેચાણ ના દર્શાવવાના અભાવે માન્ય રાખવામા આવતી નથી. આ મુદ્દા ઉપર વિભિન્ન વડી અદલતોમાં અનેક કેસો દાખલ થયા હવાના અહેવાલો સૂત્રો પાસેથી મળી રહ્યા છે. નિષ્ણાંતો માને છે કે GSTR 2 અને GSTR 3 મુજબની રિટર્નની પદ્ધતિ ઉપર તો સરકાર દ્વારા ઘણો સમય પહેલા પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું છે. સરકાર તરફે આ બાબતે એફિડેવિટમાં શું રજૂ કરવામાં આવે છે અને કરદાતા દ્વારા ઉઠાવવામાં આવેલ તકલીફ અંગે શું બચાવ આ એફિડેવિટમાં લેવામાં આવે છે તે બાબત ચોક્કસ રસપ્રદ રહેશે. માત્ર GSTR 1માં સપ્લાયરની ભૂલના કારણે ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવાની પદ્ધતિ ખરેખર ''પાડાના વાંકે પખાલીને ડામ'' જેવી સ્થિતિ ઊભી કરતી હોય આ મુશ્કેલીનું જલ્દી નિવારણ થાય તેવી આશા કરદાતાઓ સેવી રહ્યા છે.


**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

**તારીખ પે તારીખ!!! લો આવી હજુ એક તારીખ...**

# ૧૫ સપ્ટેમ્બર સુધી ઈન્કમ ટેક્સ પોર્ટલ દુરુસ્ત કરવા ઈન્ફોસિસને તાકીદ

**નાણાંમંત્રી તથા ઈન્ફોસિસના MD વચ્ચેની મૂલાકાતમાં નાણાંમંત્રીએ પોર્ટલની ક્ષતિઓ બાબતે દર્શાવી નારાજગી**

તા. ૨૪.૦૮.૨૦૨૧: નવા ઈન્કમ ટેક્સ પોર્ટલને લોન્ચ થયે અઢી મહિના જેવો સમય થઈ ગયો હોવા છતાં કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ આ પોર્ટલના ઉપયોગમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. નવા પોર્ટલ ઉપર અનેક ટેકનિકલ ક્ષતિઓની કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ સતત ફરિયાદ કરી રહ્યા છે. આ બાબતે નાણાંમંત્રી નિર્મલા સિથારમણ દ્વારા ઈન્ફોસિસના MD સલિલ પારેખને ૨૩ ઓગસ્ટના રોજ મળવા બોલાવ્યા હતા. આ મિટિંગ બાદ આ મિટિંગના નિર્ણય બાબતે જે આધિકારિક પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી છે તેમાં કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ માટે વધુ એક તારીખ નાંખવામાં આવી છે. નાણાંમંત્રીએ ઈન્ફોસિસને ૧૫ સપ્ટેમ્બર સુધી IT પોર્ટલને દુરુસ્ત કરવા તાકીદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારે અગાઉ પણ ઈન્ફોસિસને મુદત આપવામાં આવી હતી પણ જેનું ખાસ કોઈ પરિણામ આવ્યું ના હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે. અત્રે એ પણ ઉલ્લેખનિય છે કે ઇન્કમ ટેક્સ હેઠળ ઘણા કરદાતાઓના રિટર્ન ભરવાની મુદત ૩૦ સપ્ટેમ્બરે પૂર્ણ થાય છે. આમ, કદાચ ઈન્ફોસિસ ૧૫ સપ્ટેમ્બરની ડેડલાઇનનું પાલન કરી પોર્ટલ દુરુસ્ત કરી આપે તો પણ કરદાતાનો ઘસારો મોટા પ્રમાણમા પોર્ટલ ઉપર જોવા મળે તેવી સંભાવના છે. જોકે જાણકારો માની રહ્યા છે કે ઈન્ફોસિસની ભૂલના કારણે ૩૦ સપ્ટેમ્બરની મુદતમાં વધારો જાહેર કરી આપવામાં આવશે. જો કે આ પ્રકારે જ્યારે વધારા અંગે જાહેરાત કરવામાં આવશે ત્યારે આ મુદત વધારાનું કારણ તો કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સની સરળતા માટેનું જાહેર કરવામાં આવશે અને પોર્ટલની ખામીઓ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં નહીં આવે તેવું પણ ટેક્સ પ્રોફેશનલ્સનો બહુ મોટો વર્ગ માની રહ્યો છે.




ઈન્ફોસિસના MD દ્વારા નાણાંમંત્રીને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે તેઓ આ ક્ષતિઓ બાબતે સંવેદનશીલ છે અને ઈન્ફોસિસની તેમના COO પ્રવીણ રાવ સહિત ૭૫૦ જેટલા નિષ્ણાંતોની ટિમ પોર્ટલની ક્ષતિઓ દૂર કરવા સતત પ્રયત્નશીલ છે. ઈન્ફોસિસ જેવી દિગ્ગજ કંપનીની જ્યારે આટલી મોટી ટિમ કોઈ કામ કરી રહી હોય ત્યારે આ પ્રમાણે ટેકનિકલ ગ્લિચ રહેતા જાણકારો આશ્ચર્ય અનુભવી રહ્યા છે. ક્યાક ક્ષતિઓ પાછળ ઇન્કમ ટેક્સના ડિપાર્ટમેંટની ટેકનિકલ ટિમની ભૂલો હોવાનું પણ ટેક્સ પ્રોફેશનલ્સ વર્તુળોમાં ચર્ચાઇ રહ્યું છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# લો આવી ગઈ એક નવી ''લોકલ સ્ટાર્ટ અપ''...Duzzy

## Be Vocal For Local.... પ્રધાનમંત્રી મોદીની મુહિમને આપો સાથ....

''મેઇક ઇન ઈન્ડિયા એ પ્રધાનમંત્રી મોદીનું ભારતના અર્થતંત્ર માટે ખૂબ મોટું પગલું ગણવામાં આવી રહ્યું છે. આ મુહિમ હેઠળ લોકલ સ્ટાર્ટ અપ તથા Be Vocal for Localને પણ એટલુ જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ભારતના નાના નાના શહેરોમાં સ્થાનિક સ્ટાર્ટ અપ ઊભા થઈ રહ્યા છે. ગુજરાતના ગિર સોમનાથ જિલ્લાના એક નાનકડા શહેર ઉનામાં પણ આવું એક સ્ટાર્ટ અપ એક ઉત્સાહી યુવાન દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ સ્ટાર્ટ અપનું નામ છે Duzzy અને આ સ્ટાર્ટ અપના સહ સ્થાપક છે દિલિપ ડાંગોદરા. આજે ટેક્સ ટુડેમાં વાંચો આ સ્ટાર્ટ અપના પ્રમોટર સાથેની ખાસ મુલાકાત.

**૧. Duzzy સ્ટાર્ટ અપ શરૂ કરવાનો વિચાર કેવી રીતે આવ્યો?**

હું અમદાવાદમાં મારો અભ્યાસ પૂર્ણ કરી નોકરી કરતો હતો. આપણા ઉના ઘણા મિત્રો સાથે વિકેન્ડમાં મળવાનું થતું અને અમે લોકો જયારે મળીયે ત્યારે સ્ટાર્ટ અપ વિષે ખુબ લાંબી ચર્ચાઓ થતી. પણ દરેક સ્ટાર્ટ અપની અમુક વસ્તુઓ કોમન હતી કે મોટા ભાગના સ્ટાર્ટ અપ બેંગ્લોર અથવા તો દિલ્હી જેવા મોટા શહેરોમાંથી જ આવતા હોય છે. આ વિષય પાર ચર્ચા ખુબ જ ગંભીર રીતે થતી કે આપણાં ગુજરાત માંથી કેમ આવું સ્ટાર્ટ અપ નથી બહાર આવતું!!

એક વાર વાતમાંથી વાત નીકળી કે આપણે અહીંયા અમદાવાદમાં દરેક વસ્તુ માટે એક એપ છે પણ બીજા એવા ઘણા બધા શહેરો છે જ્યાં હજુ સુધી લોકોને દરેક જ વસ્તુઓ જાતે લેવા જવી પડે છે અથવા શોધવી પડે છે. આપણે એવા શહેરોમાં ફૂડ ડિલિવરીની સર્વિસ આપવામાં આવે જ્યાં હજુ સુધી ઝોમાટો અને સ્વિગી કે ગ્રોફર્સ જેવી કંપનીઓ સર્વિસ નથી આપી રહી. આ સેવા શરૂ કરવામાં અમને એક પ્રોબ્લેમ એ હતી માત્ર ફૂડ ડિલિવરીની સેવા ઉપર નાના શહેરો માટે સેવા આપવી શક્ય બને નહીં. ત્યારે અમે વિચાર્યું માત્ર ફૂડ ડિલિવરી કરવાથી લોકોના પ્રોબ્લેમનું સોલ્યૂશન નહિ આવે અને આપણાં સ્ટાર્ટ અપને સસ્ટેઇન (ટકાવી રાખવા) કરવામાં પણ ઘણી બધી તકલીફ થશે.

પછી અમે લોકો એ બ્રેઈનસ્ટોર્મિંગ (વિચાર મંથન) કર્યું અને ''ડઝિ'' શરુ કરવાનો આઈડિયા ઉદ્ભવ્યો. શરૂવાતમાં જયારે અમારો આઈડિયા અમારા મિત્ર વર્તુળ-પરિવારમાં શેર કર્યો તો મોટાભાગના લોકોનું એવું માનવું હતું કે આ પ્રકારની સેવા ઉના જેવા નાના શહેરોમાં ના ચાલે. અમને એમ પણ પ્રશ્નો કરવામાં આવ્યા કે જો ચાલે એવું હોઈ તો બીજા લોકો એ આ ના કરી નાખ્યું હોઈ? પણ અમે મનથી નક્કી કરી લીધું હતું કે રિસ્ક તો લેવું જ છે અને આવી રીતે ''ડઝિ'' થઇ શરૂઆત.

**૨. Duzzy ક્યાં પ્રકારે કામ કરે છે, આ એપ ઉપર ગ્રાહકોને શું સેવા આપવામાં આવે છે?**

અમે લોકો ''ડઝિ'' પર એવી ચીજ વસ્તુ તથા સેવાઓ પૂરી પાડીએ છીએ કે જેની લોકોને અવારનવાર જરૂરત પડતી હોઈ છે. જેમ કે ફૂડ (રેસ્ટોરંટ ફૂડ), કરિયાણું, મીઠાઈ અને ફરસાણ, આઈસ્ક્રીમ, ફળ-ફ્રુટ, શાકભાજી જેવી વસ્તુઓ અમે લોકોના ઓર્ડર્સ ઉપર ઘરે ડિલિવર કરીયે છીએ.

**૩. હાલ તમારી સેવા ઉનામાં ઉપલબ્ધ છે. ઉનાના લોકો તમારી એપ ઉપર કેવો રિસ્પોન્સ આપી રહ્યા છે?**

હાલમાં ઉનામાં ખુબ જ સારો રેસ્પોન્સે મળ્યો છે. અમને લોન્ચ કર્યાના પ્રથમ મહિનામાં જ અમે ૧૦૦૦ ઓર્ડર્સ ડિલિવર કર્યા છે. જે અમારા વિચાર્યા કરતા ઘણો સારો રિસ્પોન્સ છે. આ માટે અમને ઘણા બધા લોકોએ ખુબ જ મદદ કરી છે.

**૪. આપની એપ આ પ્રકારે માર્કેટમાં રહેલી અન્ય એપ કરતાં કેવી રીતે અલગ છે?**

સામાન્ય રીતે પ્રચલિત એપ એ માત્ર ફૂડ ડિલિવરી કરતી હોય છે અથવા તો માત્ર ''ગ્રોસરી'' ડિલિવર કરવાની સેવા આપતી હોય છે. અમારી ''ડઝી એપ'' માત્ર ફૂડ ડિલિવરી નહિ પણ એ સિવાયની પણ ઘણી બધી વસ્તુઓની ડિલિવરી આપે છે. અહીંયા યુઝર્સ ડિલિવરીનો પોતાના અનુકૂળ સમય પણ શેડ્યુલ પણ કરી શકે છે. બીજી એપ મોટા શહેરોને જ પ્રાથમિકતા આપતી હોઈ છે જ્યાં તેમને મોટા પ્રમાણમાં બિઝનેસ મળે. જ્યારે અમે ઉના જેવા નાના શહેરોને પ્રાથમિકતા આપી અને સારી સર્વિસ આપવાનું કરવાનું પ્રયોજન ધરાવીએ છીએ.



**૫. હાલ તમારી ટિમમાં કેટલા સભ્યો છે?**

હાલ, અમારી ટીમમાં ૩ ફાઉન્ડર્સ છે. માનવ પટેલ જે એપને નાણાકીય અને ટેક્નિકલી સપોર્ટ આપે છે તથા માર્ગદર્શન પૂરું પાડે છે. બીજા ફાઉન્ડર્સ સંજય કીડેચા જે એપ બિઝનેસ પ્લાન, માર્કેટિંગ તથા સ્ટ્રેટેજિક મદદ કરે છે. હું ડેયલી ઓપેરશન (રોજબરોજના કર્યો), ઓર્ડર્સ મેનેજ કરવા, નવા સ્ટોર ઉમેરવા, આ બધું જોતો હોઉં છું.

**૬. હાલ, આપની કંપનીનું કાર્યક્ષેત્ર કેટલા શહેરોમાં ઉપલબ્ધ છે?**

હાલમાં ડઝી માત્ર ઉના પૂરતું કાર્યરત છે.

**૭. ભવિષ્યમાં અન્ય શહેરોમાં આપની સેવા વધારવા અંગે શું પ્રયોજન છે?**

અમે નજીકના ભવિષ્યમાં ઉના જેવા ૨૦ શહેરોમાં અમારી સર્વિસ શરૂવાત કરવાં પ્રયોજન ધરાવીએ છીએ.

**૮. ભવિષ્યમાં અન્ય ચીજ વસ્તુ તથા સેવા વધારવા અંગે શું આયોજન છે?**

અત્યારે અમારી ટીમ અમારી ચીજવસ્તુ તથા સેવાઓ વધારવા, એપનો વિકાસ કરવાં સતત રિસર્ચ કરતી રહેતી હોઈ છે. પણ અમે જ્યાં સુધી અમારો હાલની સેવાઓમાં ''કસ્ટમર સેટિસ્ફેકશન ગોલ'' સિદ્ધ ના કરી લઈએ ત્યાં સુધી નવી સર્વિસીસનો ઉમેરો નથી કરવા માંગતા.

**૯. આ પ્રકારના સ્ટાર્ટ અપને માર્કેટમાં ટકી રહેવા ખૂબ મોટા રોકાણ ની જરૂર પડે. હાલ તમારી કંપનીમાં કોઈ અન્ય કંપનીઓનું રોકાણ છે?**

હાલમાં તો રોકાણની બધી જ જવાબદારી માનવ પટેલ મેનેજ કરી રહ્યા છે. તેમની કંપની Kody Technolab તરફથી અમે પ્રોડક્ટ બનાવામાં સારો સપોર્ટ મળ્યો છે. બાકી અત્યાર સુધી અમે બહારથી રોકાણ લેવા માટે વિચાર્યું નથી. જયારે અમારી પાસે થોડા યુઝર્સ અને ''રેગ્યુલર ઓર્ડર બુક'' થઈ જાય પછી જ અમે રોકાણ માટે વિચારીશું એવું અમે નક્કી કર્યું છે.

**૧૦. ભવિષ્યમાં તમારી આ કંપનીને આગળ લઈ જવા કોઈ મોટા મૂડી રોકાણનું આયોજન છે? કદાચ કોઈ મોટા એન્જલ ઇન્વેસ્ટર મળે તો ઈન્વેસ્ટમેન્ટ સ્વીકારવા તૈયાર છો?**

હા, હવે નજીક ના ભવિષ્યમાં જ બીજા ઘણા બધા સિટીમાં એક્સપાન્શન કરવાનું આયોજન છે. ચોક્કસથી બહારથી મૂડી રોકાણ અથવા તો એન્જલ ઇન્વેસ્ટર માટેની તકો અંગે વિચારશું.

**૧૧. હાલ, તમારા ધંધા માટે સૌથી મોટી મુશ્કેલી તમે શું માની રહ્યા છો?**

મુશ્કેલી તો દરેક સ્ટાર્ટ અપ માટે આવતી જ હોઈ છે. અમે આ મુશ્કેલીઓને ચેલેન્જ તરીકે લેતા હોઈ છે. હાલમાં તો દરેક નાના સિટીમાં નેટવર્ક ઉભું કરવું અને કેવી રીતે ડિલિવરી ચેઇનનું આયોજન કરવું અને તેની પુરી ક્ષમતા સાથે ઉપયોગ કેવી રીતે કરવો એ અમારા માટે ચેલેન્જ સમાન છે.

**૧૨. તમારા આ સાહસ માટેનું ભવિષ્ય તમને કેવું લાગી રહ્યું છે?**

વધારે દૂરના ભવિષ્યની ચિંતા કર્યા વગર અમે ''પ્રેસન્ટ'' (વર્તમાન) પર ફોકસ કરવા માંગીયે છીએ. અમે અત્યરે ગ્રાહક માટે ''બેસ્ટ સર્વિસીસ'' અને ''બેસ્ટ એક્સપીરીયન્સ'' આપવાની ઈચ્છા ધરાવીએ છીએ. જો અમે આ કરવા માં સફળ રહ્યા તો અમારા આ સાહસનું ભવિષ્ય ચોક્કસથી ખુબજ સારું હશે.

**૧૩. ભવિષ્યમાં તક મળે અને કોઈ મોટી કંપની તમારી કંપનીને ખરીદવા માંગે તો તમે આ અંગે સકારાત્મક દિશામાં વિચારશો?**

મને લાગે છે આ વિષે અત્યારે કોઈ ટિપ્પણી કરવી ના જોઈએ. એ બધી વસ્તુ સમય અને સંજોગ પર વધારે નિર્ભર રહેતી હોઈ છે અને હાલ માં તો આ અંગે કશું વિચાર્યું નથી.

**૧૪. Duzzyએ પોતાના ક્ષેત્રમાં રહેલી માર્કેટની મોટી કંપની Zomato, Swiggy જેવી ધુરંધર કંપનીઓ સાથે હરીફાઈ કરવાની રહે. આ પ્રકારની મોટી કંપનીઓ સામે બાથ ભીડવાનો અનુભવ કેવો રહેતો હોય છે?**

એમનું બિઝનેસ મોડેલ અને અમારું બિઝનેસ મોડેલ તદ્દન અલગ છે. ઉપરાંત હાલ તો અમારું અને તેમનું કાર્યક્ષેત્ર વિસ્તાર પ્રમાણે જોઈએ તો ખૂબ અલગ છે. માટે હાલ તો આવી ધુરંધર કંપનીઓ સાથે કોઈ સીધી સ્પર્ધા નથી.

**સંપાદક નોંધ:** કહેવાય છે કે "Where there is a will there is a way...." ઉના જેવા નાના શહેરનો આ યુવાન દ્વારા પોતાના મિત્રો સાથે એક અનોખી ''સ્ટાર્ટ અપ'' શરૂ કરી છે. અનોખી એટલા માટે કહીશ કે આ એપનો મુખ્ય ટાર્ગેટ "tier-2" તથા "tier-3" શહેરો છે. એવા શહેરો જેને શહેર કરતાં ''ટાઉન'' કહેવું વધુ સારું કહેવાય. આવ નાના શહેરોમાં પણ હવે લોકો ''એપ બેઇઝ'' માલ અને સેવા ખરીદી રહ્યા છે. આ શહેરોના લોકો, ખાસ કરીને યુવા વર્ગ આ પ્રમાણેની સેવાને ચોક્કસ આવકારશે તેવું હુ માનું છું. ટેક્સ ટુડે આ પ્રકારની સેવા શરૂ કરવાના વિચારને ખાસ બિરદાવે છે. વ્યક્તિગત રીતે હું આ સેવા નિયમિત લઈ રહ્યો છું અને આપ સૌ ઉનાના મિત્રોને આ સેવાનો અનુભવ કરવાં ખાસ આગ્રહ કરું છું. અમારા ઉના સિવાયના વાંચકોને પણ ખાસ વિનંતી કે આ ઇન્ટરવ્યુ વાંચી તમને આ યુવાનોના સાહસ પ્રત્યે માન થયું હોય તો એમની એપ ચોક્કસ ડાઉનલોડ કરશો. આ લેખ અંગેના પ્રતિભાવો આપ editor@taxtoday.co.in ઉપર મોકલી શકો છો.

**(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

આ એપ એન્ડ્રોઈડ અને એપલ ડિવાઇસ ઉપર ડાઉનલોડ કરવા નીચેની લિન્ક કિલક કરી શકો છો. વધુ માહિતી માટે આપ https://www.duzzy.in/ની મુલાકાત લઈ શકો છો.

એપ ડાઉનલોડ કરવા: https://play.google.com/store/apps/details?id=com.duzzy.user

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

## ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧
### જી.એસ.ટી

**હું જવેલર્સ તરીખે જીએસટીમાં નોંધાયેલ છું. મારુ ટર્નઓવર ૪૦ લાખથી નીચે છે. સાથો સાથ હું ગવર્મેન્ટ બેંક તથા પ્રાઈવેટ બેંકમાં ગોલ્ડ વેલ્યુઅરનું કામ પણ કરું છું. મારે આ આવક પર જીએસટી લાગે? પ્રાઈવેટ અને સરકારી બેંકમાં જીએસટીની જોગવાઈ સરખીજ લાગુ પડે? લાગે તો કયા દરે જીએસટી લાગે? – એક વેપારી, અમરેલી**

જવાબઃ તમે જી.એસ.ટી. હેઠળ સેવા પણ પૂરી પડતાં હોય નોંધણી બાબતે તમને ૪૦ લાખ નહીં પરંતુ ૨૦ લાખની મર્યાદા લાગુ પડે. ખાનગી અને સરકારી બંને બેન્કમાં વેલ્યૂએશન ફીની સેવા બાબતે સરખી જોગવાઈ જ લાગુ પડે તેવો અમારો મત છે. આ વેલ્યુએશનની આવક ઉપર ૧૮% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમો માર્કેટિંગ યાર્ડમાંથી મગફળીની ખરીદી કરીએ છે. અમુક મગફળીમાંથી અમો મગફળીના Seed બનાવીએ છે અને એનું વેચાણ પણ કરીએ છે. તો આ મગફળીના Seedના વેચાણ પર GST લાગે? – એક વેપારી, અમરેલી**

જવાબઃ હા, આ પ્રકારના મગફળી વેચાણ ઉપર ૫%ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમો હોલમાર્કિંગ સેન્ટર ગુજરાતમાં ચલાવી રહ્યા છે. અમારે ત્યાં મુંબઈથી કોઈ દાગીના હોલમાર્ક કરવા માં આવે તો અમારે તેમાં IGST લગાડવો કે CGST/SGST લગાડવો? માલ અમારે કુરિયરમાં આવે છે અને અમો પરત કુરિયરમાં મોકલીએ છીએ.**

જવાબઃ આ વ્યવહારમાં લોકેશન ઓફ સપ્લાયર અને પ્લેસ ઓફ સપ્લાય બે અલગ-અલગ રાજ્યોમાં છે. પ્રકારની સેવા ઉપર IGST લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ નગરપાલિકા છે. તેઓ લારી વાળાને ઊભા રહેવા માટે લારી ભાડાની આવક મેળવે છે. આ ભાડા ઉપર જી.એસ.ટી. લાગે? – દેવેન્દ્ર દેત્રોજા, લીમડી**

જવાબઃ ના, અમારા મતે જી.એસ.ટી. કાયદા હેઠળ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૭ હેઠળ ૨૦ લાખ સુધીના ટર્નઓવર ધરાવતા ધંધાકીય એકમ પાસેથી સ્થાવર મિલ્કત સિવાયના ભાડા ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં.

**બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી લેવામાં આવેલ સેવા કે જેના ઉપર RCM લાગુ પડતો ના હોય તેવી ઈનવર્ડ સપ્લાયને જી.એસ.ટી. રિટર્નમાં ક્યાં દર્શાવવાનું રહે?**

જવાબઃ બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી લેવામાં આવેલ સેવા કે જેના ઉપર RCM ભરવાની જવાબદારી આવતી ના હોય તેને GSTR 3Bમાં દર્શાવવાનું રહે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ ટેક્સ ફ્રી માલનું વેચાણ કરે છે. તેઓ સાથે કમિશન એજન્ટ તરીકેની સેવા પણ પૂરી પાડે છે. આ કિસ્સામાં તેઓની જી.એસ.ટી. નોંધણી અંગેની જવાબદારી ૨૦ લાખના ટર્નઓવર ઉપર આવે કે ૪૦ લાખના ટર્નઓવર ઉપર આવે? – સતિષ જશવાણી, એડવોકેટ, વેરાવળ**

જવાબઃ તમારા અસીલ માલ સાથે સેવા પણ પૂરી પડતાં હોય જી.એસ.ટી. હેઠળ નોંધણી મેળવવાની જવાબદારી માટે ૨૦ લાખની મર્યાદા ધ્યાને લેવાની રહે તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. હેઠળ નોંધણી ધરાવતા કરદાતા માત્ર ઈન્કમ ટેક્સ રિટર્નમાં કમિશન આવક દર્શાવે અને જી.એસ.ટી. રિટર્નમાં દર્શાવે તો ચાલે? શું આકારણી તબક્કે આ બાબતે પ્રશ્નો આવી શકે? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ ના, જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો ધરાવતા હોય તેવા કરદાતાએ જી.એસ.ટી. રિટર્નમાં આ કમિશન આવક દર્શાવવી ફરજિયાત રહે. જો આ પ્રમાણે આવક દર્શાવી ના હોય તો ચોક્કસ આકારણી તબક્કે પ્રશ્નો ઊભા થઈ શકે છે.

### ઈન્કમ ટેક્સ

**કોઈ કરદાતા ખેતીની જમીન ધરાવતો ના હોય તો ખેતીની આવક દર્શાવી શકે? એ વ્યક્તિને ઈન્કમ ટેક્સ હેઠળ કરમુક્તિનો લાભ મળે? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ ના, ઈન્કમ ટેક્સ હેઠળ ખેતીની આવકની કરમુક્તિ માટે ખેતીની જમીન હોવી જરૂરી છે. આમ, ખેતીની જમીન ધરાવતા ના હોય તો ઈન્કમ ટેક્સ હેઠળ કરમુક્તિનો લાભ મળે નહીં તેવો અમારો મત છે.

## ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૧
### જી.એસ.ટી

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ છે તથા તેઓ SEZ કાયદા હેઠળ પણ નોંધાયેલ છે. CGST/SGST કલમ ૯(૩) તથા IGST કલમ ૫(૩) હેઠળ શું તેઓ RCM ભરવા જવાબદાર બને? જો RCM હેઠળ ટેક્સ ભરવા જવાબદારબને તો તેઓને આ ભરેલ RCMની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે? – અજય મોદી, ભરૂચ**

જવાબઃ હા, SEZ હેઠળ નોંધાયેલ વેપારી જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૩) તથા IGST કાયદાની કલમ ૫(૩) હેઠળ RCM ભરવા જવાબદાર બને તેવો અમારો મત છે. જો આપના અસીલ વિથ પેમેન્ટ ઓફ IGST હેઠળ એક્સપોર્ટ કરે તો આ RCMનું રિફંડ મળે પણ જો આપના અસીલ LUT હેઠળ જો એક્સપોર્ટ કરવામાં આવતું હોય તો આ RCMનું રિફંડ મળે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ પેસ્ટીસાઈડના ડિસ્ટ્રિબ્યુટર છે. તેઓ જે કંપની પાસેથી ખરીદી કરે છે તેના બિલમાં દર્શાવેલ ખરીદ કિંમત કરતાં અમારી વેચાણ કિંમત ઘણીવાર ઓછી હોય છે. આમ ખરીદી અને વેચાણના તફાવતમાં અમારે નુકસાન આવતું હોય છે. વેચનાર કંપની અમારા અસીલને ક્રેડિટ નોટ આપતા હોય છે. આ ક્રેડિટ નોટમાં કોઈ જી.એસ.ટી. લગાડતા નથી. આમ અમારે ઈન્પુટ કરતાં આઉટપુટ હમેશા ઓછો રહેતો હોય છે. ક્રેડિટ હમેશા એક્સેસ રહેતી હોય છે. શું આકારણી તબક્કે આ અંગે મુશ્કેલી આવી શકે? શું આ એક્સેસ રહેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ મળી શકે? આ બાબતે કોઈ રિવર્સલની જવાબદારી આવે? – બલદેવભાઈ એકાઉન્ટન્ટ, રાજકોટ**

જવાબઃ હા, આ પ્રકારના કેસોમાં આકારણી દરમ્યાન પ્રશ્નો ઊભા થતાં હોય છે. આ રીતે આઉટપુટ ઈન્પુટ કરતાં ઓછો રહેતો હોય તેવા કિસ્સામાં જમા ક્રેડિટનું રિફંડ મળી શકે નહીં. જી.એસ.ટી. કાયદા હેઠળ સપ્લાયર જો ક્રેડિટ નોટમાં જી.એસ.ટી. ઘટાડે તો જ રેસિપીયન્ટની જી.એસ.ટી. રિવર્સલની જવાબદારી આવે. આમ, જો સપ્લાયર દ્વારા ક્રેડિટ નોટમાં કોઈ જી.એસ.ટી. ઘટાડવામાં આવેલો ના હોય તો તમારા અસીલની જી.એસ.ટી. રિવર્સલની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ મકાઈને શેકી, ભૂંજી તેના ઉપર મસાલો ઉમેરી મકાઈની આઈટમ બનાવે છે અને સીલબંધ પેકિંગમાં વેચાણ કરીએ છીએ. અમારો લોગો અનરજીસ્ટર્ડ છે પરંતુ અમે એક્ષનેબલ કલેમ જતો કર્યો નથી. અમો કંપોઝીશન સ્કીમ હેઠળ ૧% જી.એસ.ટી. ભરીએ છીએ. શું આ બરોબર છે? – રાજેશ ચામડિયા, દૂધરેજ**

જવાબઃ હા, એક્સનેબલ કલેઈમ જતો ના કર્યો હોય આપના અસીલનો માલ કરપાત્ર બને અને કંપોઝીશનની પરવાનગી ધરાવતા હોય તો ૧% લેખે જી.એસ.ટી. ભરવાનો વ્યવહાર બરોબર કહેવાય તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

**અમારા ટ્રાન્સપોર્ટર દ્વારા અમુક ૧૫૦૦થી ઓછી કિમતના બિલોને પણ પોતાના GSTR 1માં અપલોડ કર્યા છે. અમારા GSTR 2Aમાં આ વ્યવહારો દર્શાવી રહ્યા છે. શું ૧૫૦૦થી નીચેના ટ્રાન્સપોર્ટ વ્યવહાર ઉપર RCM ભરવાની જવાબદારી આવે? – મંથન સરવૈયા**

જવાબઃ ના, જી.એસ.ટી. CGST રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ની એન્ટ્રી ૨૧(b) અને (c)ની તમામ શરતો પુર્ણ થતી હોય તો GSTR 2Aમાં દર્શાવ્યું હોવા છતાં RCM ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ પ્લાયવૂડની ફેક્ટરી ધરાવે છે. તેઓ સાથે બ્લેક બોર્ડ બનાવી તેનું વેચાણ કરે છે. અમોને બ્લેક બોર્ડના HSN જણાવવા વિનંતી. – CA કલ્પેશ પટેલ, આણંદ**

જવાબઃ અમારા મતે બ્લેક બોર્ડનો સમાવેશ ૯૬૧૦ ૦૦૦૦ લાગુ પડે.

**વેપારીશ્રી રોડ કોન્ટ્રાક્ટરનું કામ કરે છે જેમાં ગવર્મેન્ટ સંસ્થા તેમનો ટીડીએસ કાપે છે. ટી.ડી.એસ.ની એમાઉન્ટ કેસ લેઝર માં સ્વીકારેલ છે. તો આ ટીડીએસની એમાઉન્ટ રિફંડ મળી શકે? રિફંડ મળે તો એની પ્રોસિજર શું રહેશે એમાં એપ્લિકેશન સાથે શું પુરાવા રજૂ કરવાના રહેશે અને આમાં બે વર્ષનો સમય મર્યાદા બાધ નડશે?? – ધર્મેશ જરીવાલા, એડવોકેટ**

જવાબઃ હા, આ પ્રકારે કેશ લેજરમાં જમા TDS રકમનું રિફંડ મળી શકે. આ અરજી સાથે જી.એસ.ટી. નિયમ ૮૯ તથા સર્ક્યુલર ૧૨૫/૨૦૧૯, તા. ૧૮.૧૧.૨૦૧૯ જોઈ જવા વિનંતી. આ પ્રકારે કેશ લેજરની અરજીમાં બે વર્ષની સમય મર્યાદા લાગુ પડે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ ખેતીની જમીન ધરાવે છે. તેઓની જમીન હાલ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨(૧૪) હેઠળ ખેતીની જમીન છે. તેઓ ધ ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એક્ટ ૧૯૪૮ હેઠળ જમીનનું વેચાણ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને કરે છે. વેચાણ દસ્તાવેજ થતાં પહેલા ખેતીની જમીન બિન ખેતી કરવવાની રહેશે. શું મારા અસીલને આ વેચાણમાં ખેતીની જમીનનો લાભ મળે? આ અંગે રાજેન્દ્ર તેજપ્રકાશ (હૈદરાબાદ ટ્રિબ્યુનલ) અમારા અસીલ ને કામ આવે? – મંથન સરવૈયા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આપના અસીલ જો બિન ખેતી કરવી કંપનીને વેચાણ કરે છે તો આ વેચાણ થતી જમીનને ખેતીની જમીનનો લાભ મળે નહીં તેવો અમારો મત છે. આપના દ્વારા રાજેન્દ્ર તેજપ્રકાશના ચુકાદા અંગે એ જોવું જરૂરી છે કે આપના અસીલના તથ્યો તે કેસને સમાન હોય.

**નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે કંપની કરદાતાઓ માટે કલમ ૪૪AB માટેની ઓડિટની લિમિટ ૧ કરોડ ગણવાની રહે કે ૫ કરોડ? – રાજેશ રાઠોડ, ટેક્સ કન્સલ્ટન્ટ, રાજકોટ**

જવાબઃ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કલમ ૪૪AB હેઠળની જે મર્યાદા હાલ ૧ કરોડ છે. ૫ કરોડની જોગવાઈ તો જ લાગુ પડે જો કંપનીની રિસીપ્ટ તથા પેમેન્ટ ૫%થી વધુ રોકડમાં હોય નહીં. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૪૪AB (a)ના પ્રોવિઝોમાં પડતાં હોય તો લિમિટ ૫ કરોડની ગણવાની રહે અન્યથા ૧ કરોડની લિમિટ લાગુ પડે.

## ૩૦ ઓગસ્ટ ૨૦૨૧
### જી.એસ.ટી

**અમારા બે અસીલ જી.એસ.ટી. નંબર ધરાવતા હતા. તેઓનો નોંધણી દાખલો રદ કરવા અંગે આદેશ કરવામાં આવેલ છે. એક આદેશ તારીખ ૧૦.૦૩.૨૦૨૦ ના રોજ થયેલ છે અને અન્ય આદેશ ૦૧.૧૦.૨૦૨૦ ના રોજ થયેલ છે. આ બન્ને કેસોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા વધારાની મુદતનો જે લાભ આપવામાં આવ્યો છે તે અપીલ તબક્કે મળી શકે?**

જવાબઃ હા, અમારા મત પ્રમાણે આ બન્ને આદેશ સામેના અપીલની મુદત સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ સમય મર્યાદામાં પડતી હોય અપીલમાં વધારાની મુદતનો લાભ મળે. આ બાબતે CBIC દ્વારા બહાર પાડવામાં આવેલ સર્ક્યુલર ૧૫૭/૨૦૨૧, તા. ૨૦ જુલાઈ ૨૦૨૧ જોઈ જવા વિનંતી.

**અમારા અસીલ ABCLtd એ ગુજરાતમાં જી.એસ.ટી. નોંધણી ધરાવે છે. તેઓને મધ્ય પ્રદેશમાં એક્સપ્રેસ હાઈ-વે બનાવવાનો કોન્ટ્રાક્ટ મળે છે. તેઓ જ્યારે NHAIને બિલ આપે ત્યારે તેમની જવાબદારી CGST+SGST ગુજરાતમાં આવે કે અન્ય જવાબદારી આવે?**

જવાબઃ અમારા મતે આ કિસ્સામાં IGST કાયદાની કલમ ૧૨(૩)(a) મુજબ પ્લેસ ઓફ સપ્લાય એ જે તે રાજ્ય જ્યાં રોડ બની રહ્યો હોય તે (મધ્ય પ્રદેશ) ગણાય અને IGST ભરવાની જવાબદારી આવે. મધ્ય પ્રદેશમાં જી.એસ.ટી. નંબર લેવાનો વિકલ્પ પણ લઈ શકાય. આ વિકલ્પ લેવામાં આવે તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં વધુ અનુકૂળતા રહે.

**અમારા અસીલ ABC Ltd કે જેઓ ગુજરાત રાજ્યમાં નોંધાયેલ હોય અને મધ્ય પ્રદેશમાં હાઈ-વે માટે કામ મળેલ હોય ત્યારે જો XYZ ltdને સબ કોન્ટ્રાક્ટ કરે તો આવા કિસ્સામાં XYZ લી. ગુજરાતમાં CGST+SGST ભરવા જવાબદાર બને કે અન્ય કોઈ જવાબદારી ઊભી થાય?**

જવાબઃ સબકોન્ટ્રાક્ટ ઉપર પણ ઉપરના પ્રશ્નમાં જણાવ્યા સંજોગો મુજબ મેઈન કોન્ટ્રાકટર જેટલા જ દરે એટલે કે ૧૨% લેખે IGST ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમે સાડી-પટોળાં બનાવવાની કામગીરી કરીએ છીએ. આ પટોળાં બનાવવામાં રેશમ યાર્નની ખરીદી કરીએ છીએ જેનો HSN કોડ ૫૦૦૨ છે. અમારા દ્વારા ઉત્પાદિત પટોળાંનું વેચાણ કેટલા દરે કરપાત્ર બને અને ક્યો HSN લાગુ પડે તે જણાવવા નમ્ર વિનંતી. – વાઘેલાભાઈ લીમડી**

જવાબઃ અમારા મતે આ સાડી-પટોળાં એ HSN ૫૦૦૮ હેઠળ પડે અને ૫% લેખે જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે.

**અમારા અસીલ QRMP હેઠળ ત્રિમાસિક રિટર્ન ભરવા જવાબદાર છે. મે ૨૦૨૧ માં તેઓને મંથલી પેમેન્ટ કરવાની જવાબદારી હતી. જે તેમણે ભરી આપી હતી. હવે ત્રિમાસિક રિટર્નમાં કોઈ ટેક્સ ભરવાનો થતો નથી. હવે આ મે મહિનામાં ભરેલ રકમનું શું કરવાનું રહે? શું આ રકમ કેરી ફોરવર્ડ કરવાની રહે કે ત્રિમાસિક રિટર્નમાં એટલી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઘટાડી આ રકમ સરભર કરવી પડે? – ધર્મેશ જરીવાલા, એડવોકેટ**

જવાબઃ QRMP સ્કીમમાં ત્રિમાસ દરમ્યાન કોઈ રકમ ભરવામાં આવી હોય અને તે રકમ જે તે ત્રિમાસિક રિટર્નમાં સેટ ઓફ ના થયેલ હોય તો કેશ લેજરમાં આગળ ખેચવાની રહે તેવો અમારો મત છે.આ ઉપરાંત સર્ક્યુલર ૨૬/૨૦૧૭ હેઠળ તેઓ ધારે તો રિફંડ મતે અરજી પણ કરી શકે. સામાન્ય સંજોગોમાં ક્રેડિટ આગળ ખેચવાનો વિકલ્પ વધુ સારો રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ગુજરાતમાં નોંધાયેલ વેપારી છે. તેઓ તેમના ગ્રાહકને જે વેચાણ કરે છે તે મહારાષ્ટ્રમાં નોંધાયેલ છે. પરંતુ તેમના ખરીદનારને આ ડિલિવરી ગુજરાતમાં જ લેવાની થાય છે. આ વ્યવહાર ઉપર IGST ઉઘરાવવાનો થાય કે CGST+SGST ઉઘરાવવાની જવાબદારી આવે? – હિત લિંબાણી**

જવાબઃ આ પ્રકારના વ્યવહારો બિલ ટુ શીપ ટુ વ્યવહારો ગણાય. અમારા મતે આ વ્યવહારોમાં IGST ઉઘરાવવાની જવાબદારી આવે.

**WAGO પ્રા. લી. ના કિસ્સામાં ગુજરાત AARમાં ઠરાવવામાં આવ્યું છે કે AirConditioner એ બ્લોક ક્રેડિટમાં આવે અને તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં. આ AARની અસર દરેક કરદાતા ઉપર પડે? આ અંગે તમારો અભિપ્રાય જણાવશો. આ અંગે કોઈ અન્ય ચુકાદા હોય તો પણ જણાવશો. – CA કલ્પેશ પટેલ, નડિયાદ**

જવાબઃ કોઈ પણ AARની સામાન્ય રીતે જે તે અરજી કરનાર કરદાતા તથા ડિપાર્ટમેંટ ઉપર લાગુ પડે. પરંતુ અન્ય કરદાતાના કેસની આકારણી કરવા સમયે ડિપાર્ટમેંટ કરદાતા વિરુદ્ધના AARનો રેફરન્સ લેતા હોય છે. Wego પ્રા. લી.ના કેસમાં વેંટીલેશન સિસ્ટમ એક વર્ક કોન્ટ્રાક્ટના ભાગ રૂપે બેસાડવામાં આવી હતી અને આ મતે આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટને બ્લોક ક્રેડિટમાં ગણવામાં આવી છે. આ AARનો અભ્યાસ કરી ટેક્સ કન્સલ્ટન્ટ પોતાના અસીલને યોગ્ય સલાહ આપે તે જરૂરી છે.

**અમારા અસીલ ફ્રાઈમ્સ બનાવી તેનું વેચાણ કરે છે. તેઓ આ વેચાણના બેગ ઉપર તેમનું સિમ્બોલ (logo) લગાડે છે. આ સિમ્બોલ રજિસ્ટર્ડ નથી. આ પ્રકારે ફ્રાઈમ્સનું વેચાણ થાય તેના ઉપર કેટલા ટકાના દરે વેરો લાગે તે જણાવવા વિનંતી. – રાજેશ ચામડિયા, દૂધરેજ**

જવાબઃ અનરજીસ્ટર્ડ લોગો અંગે એક્ષનેબલ ક્લેમના હક્કો જતાં કરવા અંગે એફિડેવિટ કરવામાં આવેલ હોય તો અમારા મતે આ ફ્રાઈમ્સ, પાપડ ગણાય અને તેના ઉપર NIL રેટ લાગુ પડે તેવો અમારો મત છે. આ અંગે ગુજરાત AARનો નિર્ણય કરદાતા વિરુદ્ધ છે પરંતુ કર્ણાટક હાઈકોર્ટ દ્વારા વસવામ્બા સ્ટોર્સ (૨૦૧૦) ૬૦ VST ૧૯ (Karn)માં કરદાતાની તરફેણમાં ચૂકદો આપતા તેને પાપડ તરીકે સરખાવેલ છે. આ બાબતે તકરાર થવાની સંભાવના રહેલી છે તે અંગે અસીલનું ખાસ ધ્યાન દોરવું જરૂરી છે.

**અમારા અસીલ કેમિકલના બિઝનેસ સાથે સલગ્ન છે. તેઓ પોતાના નામે ટ્રાન્સપોર્ટ ટ્રક પણ ધરાવે છે જે ટ્રક દ્વારા તેઓ પોતાના ધંધાને લગતા માલ સમાનની ડિલિવરી પણ કરે છે. જ્યારે આ ટ્રક ફ્રી હોય ત્યારે તેઓ અન્ય ધંધા માટે ઉપયોગ માટે આપે છે અને ભાડું વસૂલ કરે છે. અમારો પ્રશ્ન એ છે કે શું તેઓ પોતાના નોંધણી દાખલામાં જી.ટી.એ તરીકે નોંધણી કરવવી જરૂરી છે? ક્યારેક અમારા અસીલના ફ્રેઈટ ચૂકવતા ગ્રાહકો પોતે RCM ભરવા જવાબદાર હોવાથી વેરો તેઓ ભરશે તેવું જણાવે છે અને અમારા અસીલ એ સિવાયના કિસ્સામાં ૧૨% લેખે જી.એસ.ટી. ઉઘરાવે છે. શું આ વ્યવહાર બરોબર ગણાય? – રાકેશ ત્રિવેદી, ટેક્સ કન્સલ્ટન્ટ, વાપી**

જવાબઃ આ કિસ્સામાં RCM અને FCM બન્નેનો ઉપયોગ કોઈ એક નાણાકીય વર્ષમાં કરી શકાય નહી તે બાબત ધ્યાને રાખવી જરૂરી છે. અમારા મતે ભવિષ્યમાં તકરાર નિવારવા તમારા અસિલે આ ટ્રકના ફ્રેઈટ બાબતે બીલ્ટ્રી આપવી જોઈએ અને તમામ રેસિપીયંટ RCM થી GST ભરે તેવું આયોજન કરવું જોઈએ.

**હું સોફ્ટવેર એન્જીનીર છુ અને મારુ મેઈન વર્ક સોફ્ટવેર ડેવેલોપ કરવાનું અને મેઈન્ટેનન્સનું છુ હવે મારે જે સોફ્ટવેર ડેવેલોપીંગ અને મેઈન્ટેનન્સની આવક થાય છે તે આવક ડાયરેક્ટ મારા ઈન્ડિયન બેંક ખાતા માં અમેરિકા થી જમા થાય છે તો આ આવક ૨૦ લાખથી વધી જાય તો મારે GST લેવો પડે sac code શું આવે અને મારે સર્વિસ બિલ બનાવવું પડે યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી. – નીરવ સી. દેત્રોજા, સોફ્ટવેર એંજિનીયર, અમદાવાદ**

જવાબઃ આપના દ્વારા આપવાની સેવા એક્સપોર્ટ ઓફ સર્વિસ ગણાય. આપનું ટર્નઓવર ૨૦ લાખથી વધુ થતું હોય તો જી.એસ.ટી. નંબર લેવો પડે અને HSN ૯૯૮૩૧૪ લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલના બધા સાધનિક કાગળો GST નંબર લેવા માટે પૂરતા હોવા છતાં બીજા વૈકલ્પિક કાગળો ની માગણી કરવામાં આવે છે અને અરજી રદ કરવામાં આવે છે તો આ માટે કાયદામાં અપીલ કે અધિકારી વિરુદ્ધ મનસ્વી વલણ રાખવા બદલ ફરિયાદ ની કોઈ જોગવાઈ છે? – CA કલ્પેશ પટેલ**

જવાબઃ હા, આ બાબતે જો કાયદા તથા નિયમો વિરુદ્ધ કોઈ કાગળો/દસ્તાવેજ માંગવામાં આવતા હોય ત્યારે આપ કમિશ્નરને ફરિયાદ કરી શકો છો. આ ઉપરાંત CPGRAM ઉપર પણ ફરિયાદ કરી શકો છો.

## ૨૩ ઓગસ્ટ ૨૦૨૧
### જી.એસ.ટી

**જી.એસ.ટી.હેઠળ સોનાના દાગીનાની મજૂરીઉપર ૫% જી.એસ.ટી. લાગુ પડે પરંતુ HSN કોડ શું લાગુ પડે? – એક વેપારી, અમરેલી**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ સોનાના દાગીનાની મજૂરી ઉપર HSN ૯૯૮૮૯૨ લાગુ પડે તેવોઅમારો મત છે.

**અમો સોનાના દાગીના હોલમાર્ક કરી વેચાણ કરીએ છીએ. આ વેચાણમાં સોનું, મજૂરી ઉપરાંત હોલમાર્કિંગ ચાર્જ પણ ગ્રાહક પાસેથી ઉઘરાવતા હોઈએ છીએ. અમારો પ્રશ્ન એ છે કે જ્યારે આ વ્યવહાર ઉપર સોનામાં ૩% જી.એસ.ટી., મજૂરી માં ૫% અને હોલમાર્કિંગ ચાર્જ ઉપર ૧૮% એમ જી.એસ.ટી. ભરવા જવાબદારી આવે કે સંપૂર્ણ રકમ ઉપર ૩% જી.એસ.ટી. લાગુ પડે? – એક વેપારી, ઉના**

જવાબઃ સોનાના દાગીનાનું વેચાણ કરવા સમયે જ્યારે મજૂરી તથા હોલમાર્કિંગ સાથેનું બિલ બનાવવામાં આવે ત્યારે આ કંપોઝીટ સપ્લાય ગણાય અને સંપૂર્ણ રકમ ઉપર ૩% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમો વર્કસકોન્ટ્રાકટર છીએ. અમારી ટેક્સ જવાબદારી નિભાવવા અમો PWD જેવી સરકારી સંસ્થા દ્વારા આપવામાં આવતા રનિંગ બિલ ઉપર જ આધાર રાખીએ છીએ. અમો કોઈ ટેક્સ ઈંવોઈસ જનરેટ કરતાં નથી. અમારા વકીલનું કહેવું છે કે ટેક્સ ઈંવોઈસ આપવું જરૂરી છે. શું PWD દ્વારા આપવામાં આવતા રનિંગ બિલ ઉપરાંત ટેક્સ ઈન્વોઈસ બનાવવું ફરજિયાત રહે? – એક વેપારી, ઉના**

જવાબઃ હા, જી.એસ.ટી. કાયદા હેઠળ ટેક્સ ઈન્વોઈસ બનાવવું ફરજિયાત છે. માત્ર રનિંગ બિલ ઉપરથી જી.એસ.ટી. રિટર્ન ભરવું યોગ્ય નથી.

**-: ખાસ નોંધ :-**

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિતિ થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછ્વા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# ટેક્સ ચોરીના આરોપી ઉપર ના લગાડી શકાય 'પાસા'!!

## જી.એસ.ટી. ચોરીના આરોપી ઉપર પાસા લગાડવા અંગે મહત્વનો આદેશ




તા. ૨૧.૦૮.૨૦૨૧: જી.એસ.ટી હેઠળ વિવિધ છટકબારીનો લાભ લઈ કરચોરી અંગેના સમાચારો અવારનવાર વાંચવા મળતા હોય છે. આવા જ એક કિસ્સામાં જી.એસ.ટી. હેઠળ કરચોરીના આરોપીએ પોતાની ઉપર PASA લગાડવા ચાલી રહેલી હિલચાલ સામે આગોતરા જામીન માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી સામે સરકરી વકીલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ 'ફ્રોડ'ના બે આરોપી પૈકી કોઈ એક ઉપર PASA લગાડવા અંગે શક્યતાઓ રહેલી છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની બેન્ચ સમક્ષ એ મુદ્દો ઉપસ્થિત થયો હતો કે શું જી.એસ.ટી. કરચોરીના આરોપ હોય તેવા વ્યક્તિ ઉપર પાસાની કાર્યવાહી થઈ શકે ખરી?. એ પણ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે જો આવા કેસોમાં પાસા લગાડી શકાય તો તેના માટે ક્યાં તબક્કામાં કાર્યવાહી કરી શકાય?? આ કેસમાં ખાસ ગુજરાત રાજ્યના મુખ્ય નાણાં સચિવને પણ પક્ષકાર બનાવવામાં આવ્યા હતા અને તેમનો પક્ષ રાખવા જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત આરોપીની કસ્ટડી જે અધિકારી પાસે છે તેવા જિલ્લા કલેક્ટર મહેસાણાને આરોપી ઉપર પાસા લગાડવા કોઈ પ્રસ્તાવ આવે તો તેઓએ પોતાનો પ્રાથમિક સંતોષ કોર્ટ સમક્ષ રજૂ કરવાનો રહેશે તેવું અંતરીમ આદેશમાં ફરમાવવામાં આવ્યું હતું. નાણાં સચિવ દ્વારા કોઈ રજૂઆતો આવી ના હતી પરંતુ રાજ્ય જી.એસ.ટી. દ્વારા એફિડેવિટ ફાઈલ કરવામાં આવ્યું હતું જેમાં જણાવાયું હતું કે હાલ આરોપી ઉપર પાસા લગાડવા કોઈ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો નથી. કોર્ટ દ્વારા સૂચિત નોંધ પણ કરવામાં આવી હતી કે નાગરિક તથા વેપારી વતી જ્યારે કોર્ટ દ્વારા સચિવને જવાબ રજૂ કરવા જણાવવામાં આવ્યું હોય તેમ છતાં તેઓ દ્વારા કોઈ પ્રતીભાવ આપવામાં આવતો નથી અને તેના સ્થાને રાજ્ય જી.એસ.ટી. દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવે છે. કોવિડ જેવા મુશ્કેલ સમયમાં જ્યારે વેપાર જગત ફરી બેઠું થવા પ્રયત્ન કરી રહ્યું હોય ત્યારે આ પ્રકારે વેપારી ઉપર લટકતી તલવાર રાખવા છૂટ પ્રશાશનને આપી શકાય નહીં. આરોપી અને સરકાર બન્નેના વકીલોની દલીલો સાંભળી કોર્ટ દ્વારા પિટિશનર્સની તરફે આદેશ કરતાં જણાવાયું હતું કે આ પિટિશનના પક્ષકારો ઉપર પાસા જેવી કડક જોગવાઈ લગાડી શકાશે નહીં.

વેપારીઓ માટે આ ચુકાદો ખાસ મહત્વ ધરાવે છે. કરચોરી કરવી એ ચોક્કસ નિંદાનીય બાબત છે, પરંતુ ઘણીવાર કરચોરીના સમગ્ર પ્રકરણમાં કોઈ નિર્દોષ વ્યક્તિ પણ ભોગ બની જતો હોય છે. ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો વેપારી આલમ માટે ખૂબ આવકાર દાયક ગણી શકાય.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

◆ Year: 5, ◆ Issue No.10, ◆ Continue Issue No.58, ◆ Date: 21/08/2021, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.